**સુવિચાર**

''આગળ વધવા વાળા કોઈને અટકાવતા નથી ને બીજાને અટકાવવા વાળા કદી આગળ વધતા નથી.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૯/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા સુદ-૫ વર્ષ : ૧૭ અંક : ૨૩૦


## ''દેવા ઓ દેવા''નાં નાદ સાથે વાજતે–ગાજતે નીકળી શોભાયાત્રા

# અમરેલી જિલ્લામાં આસ્થાભેર ગણપતિની સ્થાપના

| ૧૦ દિવસ સુધી ગણપતિ વંદના કરવામાં આવશે સવાર-સાંજ મહા આરતી પણ યોજાશે | વિઘ્નહર્તા દેવ ગણપતિની કૃપા મેળવવા માટે લાખો ઘરોમાં પણ ગણપતિની સ્થાપના | સમગ્ર જિલ્લાની જનતા ગણપતિમય બનીને ૧૦ દિવસ સુધી પૂજા-અર્ચના કરશે | ગણેશોત્સવનાં પ્રારંભે મેઘરાજાની પણ પધરામણી થતાં સૌ કોઈનાં ઉત્સાહમાં વધારો |
|---|---|---|---|



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં આજે વરસાદી માહોલ ગણેશોત્સવનો આસ્થા અને ઉત્સાહભેર પ્રારંભ થયો હતો. આજે જિલ્લાભરમાં ગણપતિની વાજતે–ગાજતે સ્થાપના કરવામાં આવી હતી. જિલ્લાનાં દરેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ગણપતિની સ્થાપના કરીને સાંજનાં સમયે મહાઆરતી યોજાઈ હતી.

અમરેલીનાં શ્રી નાગનાથ મહાદેવ મંદિરનાં પટાંગણમાં શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા તેમજ શ્રી નાગનાથ યુવક મંડળ દ્વારા શ્રી સાર્વજનિક ગણેશોત્સવની ૧૨૭મી ઉજવણી ધામધુમપૂર્વક શરૂ થઈ ગયેલ છે. તા. ૧૪/૯/૨૬ થી તા. ૨૫/૯/૨૬ સુધી આ ભવ્યાતિભવ્ય આયોજનના કાર્યવાહક પ્રમુખશ્રી નાગનાથ યુવક મંડળના રાજનભાઈ જાનીની યાદી જણાવે છે કે, નાગનાથ મંદિરનાં પટાંગણમાં તા. ૧૪/૯/૨૬થી ધાર્મિક–સાંસ્કૃતિક તેમજ બાળકો માટેની વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવેલ છે. આજની શોભાયાત્રામાં ભાવિકો વિશાળ સમૂહમાં જોડાયેલ હતા. ત્યારબાદ બપોરનાં ૧ કલાકે શ્રીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ છે. ભાવિકો માટે રોજ સવારનાં ૮ કલાકે આરંભ થશે તથા રાત્રિનાં ૮ કલાકે મહા આરતીનું આયોજન પણ કરવામાં આવેલ છે. જેમાં અમરેલીનાં નામાંકિત વ્યકિતઓ દ્વારા, સાર્વજનિક ટ્રસ્ટો, સર્વે બહેનો દ્વારા આ મહા આરતીમાં અંદાજીત ૩૫૦થી ૪૦૦ ભાવિકો રોજ નિત્ય દર્શનાર્થે તથા આરંભમાં હાજરી આપશે.

ઉપરોકત ઉત્સવોનાં તથા કાર્યક્રમોનાં સંચાલન માટે રાજનભાઈ


**અનુસંધાન પાના ૬ ઉપર**



















### જિલ્લા પંચાયત સભ્ય મીનાબેન કોઠીવાળે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# બાબરામાં જન્મ–મરણના દાખલામાં સુધારા માટેની પ્રક્રિયા સરળ બનાવવા માંગ ઉઠી

### જનતાની મુશ્કેલી દૂર કરવા રજૂઆત કરી

બાબરા, તા. ૧૪

જન્મ–મરણની નોંધણી તથા વર્ષ ૨૦૧૫ પહેલાંના જન્મ–મરણના દાખલામાં સુધારા અંગે ગ્રામ્ય વિસ્તારના લોકોને પડતી મુશ્કેલીઓને લઈને અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી જરૂરી કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.



રજૂઆતમાં જણાવ્યા મુજબ, તાજેતરમાં કરવામાં આવેલા ફેરફાર મુજબ વર્ષ ૨૦૧૫ પહેલાંના જન્મ–મરણના દાખલાની નોંધણી તથા સંબંધિત કામગીરી જિલ્લા કક્ષાએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત અમરેલી હસ્તક કરવાની સૂચના કરવામાં આવી છે. જેના કારણે ગ્રામ્ય કક્ષાએથી આવતા અરજદારોને વિવિધ સરકારી કામગીરી માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાસ કરીને આધારકાર્ડમાં સુધારા–વધારા, જમીનની વારસાઈ, પાસપોર્ટ કઢાવવા, લોન મેળવવા સહિતની વિવિધ કામગીરીમાં વર્ષ ૨૦૧૫ પહેલાંના જન્મ–મરણના દાખલામાં કોઈ ફેરફાર કે સુધારો જરૂરી હોય, ત્યારે ગ્રામ પંચાયત અથવા નગરપાલિકા કક્ષાએથી કાર્યવાહી કર્યા બાદ જિલ્લા કક્ષાએ મંજૂરી મેળવવાની પ્રક્રિયા કરવી પડે છે. પરિણામે અરજદારોને લાંબો સમય રાહ જોવી પડે છે અને દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી જિલ્લા કક્ષાએ વારંવાર ધક્કા ખાવાની સ્થિતિ સર્જાય છે.

પત્રમાં વધુમાં જણાવાયું છે કે અગાઉની પ્રથા મુજબ સ્થાનિક લેવલે સત્તા સોંપણી કરવામાં આવી હતી તે જ રીતે જન્મ–મરણની નોંધણી તથા જરૂરી સુધારા અંગેની કાર્યવાહી સ્થાનિક કક્ષાએથી જ કરવામાં આવે, તો સામાન્ય નાગરિકોને પડતી મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે તેમ છે.

આ અંગે જિલ્લા પંચાયત સભ્ય મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા રાજય સરકાર સમક્ષ માંગણી કરી છે કે ગ્રામ્ય વિસ્તારના લોકોના હિતને ધ્યાનમાં રાખી જન્મ–મરણના દાખલાની કામગીરીની પ્રક્રિયા સરળ બનાવવામાં આવે અને જરૂરી સત્તા સ્થાનિક કક્ષાએ જાળવી રાખવામાં આવે, જેથી નાગરિકોને સમય અને નાણાં બંનેનો બિનજરૂરી ખર્ચ ન થાય અને સરકારી કામગીરીમાં પણ સરળતા રહે. આ બાબતે તેઓ દ્વારા સાંસદ ભરતભાઈ સુતરિયા, બાબરા–લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી સહિતના સંબંધિત અધિકારીઓને પણ પત્ર પાઠવવામાં આવ્યો છે.

### પાલિકાનાં પૂર્વ પ્રમુખનો ચોંકાવનારો આક્ષેપ

# રાજુલા શહેરમાં મોટાભાગનાં માર્ગો બિસ્માર બનતાં શહેરીજનોમાં નારાજગી

### પાલિકાનાં શાસકોએ માર્ગની મરામત કરવી જરૂરી

રાજુલા, તા. ૧૪

રાજુલા શહેરમાં રસ્તાઓની બિસ્માર હાલતને લઈને શહેરીજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. છતડીયા રોડ સહિત શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓની સ્થિતિ અત્યંત ખરાબ હોવાના કારણે વાહનચાલકો, વેપારીઓ, રાહદારીઓ તેમજ સ્થાનિક રહેવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તથા હાલના કોર્પોરેટરના પ્રતિનિધિ ઘનશ્યામ લાખણોત્રાએ માંગ કરી છે કે નગરપાલિકાના સત્તાધીશો અને તમામ સદસ્યો એકવાર છતડીયા રોડ સહિત રાજુલા શહેરના તમામ મુખ્ય રસ્તાઓની સ્થળ મુલાકાત લે.

તેમણે જણાવ્યું હતું કે, જો નગરપાલિકાના સત્તાધીશો અને તમામ સદસ્યો એકવાર ખુરશી પર બેસવાને બદલે રસ્તા પર ઉતરીને શહેરની મુલાકાત લેશે, તો રાજુલા શહેરની વાસ્તવિક સ્થિતિનો તેમને ખ્યાલ આવશે. રસ્તાઓની હાલત જોઈને જ શહેરીજનો કેટલી મુશ્કેલી ભોગવી રહ્યા છે તેનો સાચો અંદાજ આવી શકે છે.

વધુમાં આક્ષેપ કર્યો હતો કે નગરપાલિકાના સત્તાધીશો અને સદસ્યો દ્વારા શહેરીજનોની મૂળભૂત સમસ્યાઓ તરફ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. નગરપાલિકાની કામગીરી અને રસ્તાઓની સ્થિતિને લઈને ભાજપના કેટલાક આગેવાનો અને કાર્યકરોમાં પણ નારાજગી હોવાની ચર્ચા શહેરમાં ચાલી રહી છે, ત્યારે સત્તાધીશોએ આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ.

તેમણે જણાવ્યું કે રાજુલાના વિકાસ માટે માત્ર બેઠકો અને કાગળ પરની ચર્ચાઓ પૂરતી નથી, પરંતુ સ્થળ પર જઈને લોકોની સમસ્યાઓ સમજવી અને તેના કાયમી ઉકેલ માટે કામગીરી કરવી જરૂરી છે.

અંતમાં તેમણે નગરપાલિકાના પ્રમુખ, સત્તાધીશો તથા તમામ સદસ્યોને અપીલ કરી છે કે એકવાર રાજુલા શહેરના તમામ રસ્તાઓની સ્થળ મુલાકાત લઈ શહેરીજનોની હાલાકીનો જાતે અનુભવ કરે અને તાત્કાલિક ધોરણે રસ્તાઓના સમારકામ તથા જરૂરી વિકાસકાર્યો હાથ ધરે. તેમ અંતમાં જણાવેલ છે.

### મોંઘી વીજળી ખરીદતા ગ્રાહકોને યોગ્ય સેવા મળતી નથી

# જાફરાબાદમાં પીજીવીસીએલની બેદરકારીથી અવાર–નવાર વીજળી ગુલ થતાં સ્થાનિકોમાં રોષ

### ઉચ્ચ અધિકારીઓ વીજપુરવઠો નિયમિત કરાવે તેવી માંગ

અમરેલી, તા. ૧૪

જાફરાબાદ ગામના પીપળી કાંઠા વિસ્તારમાં પીજીવીસીએલને લગતા વિવિધ પ્રશ્નોને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વીજળી સંબંધિત સમસ્યાઓ અને પરેશાનીઓને લઈને પંથકની જનતા દ્વારા અવારનવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી પ્રશ્નોનું કાયમી નિરાકરણ આવ્યું નથી.

પીપળી કાંઠા વિસ્તાર સહિત જાફરાબાદ પંથકના લોકો માટે વીજળી રોજિંદા જીવનનો મહત્વનો હિસ્સો છે. પરંતુ વારંવાર સર્જાતી સમસ્યાઓને કારણે સ્થાનિક રહેવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાની રજૂઆત કરવામાં આવી રહી છે. લોકોનું કહેવું છે કે, સંબંધિત તંત્ર સમક્ષ અનેક વખત રજૂઆત કરવા છતાં સમસ્યાઓનો યોગ્ય ઉકેલ ન આવતાં હવે લોકોમાં નારાજગી વધી રહી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે, વીજળીની સમસ્યાના કારણે ઘરવપરાશ ઉપરાંત નાના વેપારીઓ, ખેડૂતો અને અન્ય લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સમસ્યાઓ અંગે રજૂઆત કર્યા બાદ પણ જો તેનું સમયસર નિરાકરણ ન આવે તો લોકોમાં સ્વાભાવિક રીતે અસંતોષ જોવા મળે છે.

આ સમગ્ર મામલે હવે સૌથી મોટોસવાલ એ ઉભો થયો છે કે, જાફરાબાદ પંથકની જનતાને પીજીવીસીએલની સમસ્યામાંથી કયારે રાહત મળશે? શું તંત્ર દ્વારા સ્થાનિકોની રજૂઆતોને ગંભીરતાથી લઈ કાયમી ઉકેલ લાવવામાં આવશે કે પછી લોકોને હજુ પણ વારંવાર રજૂઆતો કરવાની ફરજ પડશે?

આ અંગે સ્થાનિક ધર્મેશભાઈએ જણાવ્યું હતું કે, લોકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી રહી છે, છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતા પંથકની જનતામાં પ્રશ્નો ઉઠી રહ્યા છે. હવે લોકોની નજર તંત્રની કામગીરી અને આગામી પગલાં પર મંડાયેલી છે.

# અમરેલીના ડીડીઓનુ પ્રજાપતી સમાજના આગેવાનો દ્વારા સન્માન



અમરેલી, તા. ૧૪

અમરેલીનાં નવનિયુકત ડીડીઓ હસખુભાઈ પ્રજાપતીનુ શહેરના પ્રજાપતી સમાજે સન્માન કાર્યનુ પ્રજાપતી સમાજના અગ્રણી પૂર્વ પાલીકા પ્રમુખ અલ્કાબેન ગોંડલીયાએ જણાવેલ છે.

# સાવરકુંડલાના એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી





સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેર મહુવા રોડ પર સ્થિત એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલ ખાતે 'રાષ્ટ્રીય હિન્દી દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન હિન્દી શિક્ષક દ્વારા રાષ્ટ્રીય ભાષા હિન્દીનું મહવ અને તેનો ઈતિહાસ સમજાવતી વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે હિન્દી નિબંધ લેખન અને શ્રુતલેખન જેવી સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું, જેમાં તમામ વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.


આ ઉજવણીમાં સંકુલના એકેડેમિક તથા કેમ્પસ ડાયરેકટર અને સી.ઈ.ઓ.નું પ્રેરણાદાયી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત, સંકુલના પી.ટી.આઈ. નાસીરઅલી બાપુ કાદરીએ પણ હિન્દી દિવસ સંદર્ભે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ વિભાગના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને ઉજવણીને ભવ્ય બનાવી હતી.

## :: મંતવ્ય ::

અમરેલી શહેરની મધ્યમાં આવેલ શહેરની આન,બાન, અને શાન સમા ટાવર તથા રાજમહેલની જે રિનોવેશનની કામગીરીમાં સરકારશ્રી તરફથી તેમજ અમરેલી વહિવટી તંત્ર તરફથી થઈ રહી છે. તે ખુબજ આવકાર દાયક તેમજ સરાહનિય છે. જે બાબતે શહેરના એક જાગૃત નાગરિક તરીકે દડુભાઈ બી.વાળા તમેજ સમગ્ર અમરેલી શહેરની જનતા ખુબ જ લાગણી સભર આપનો આભાર વ્યકત કરી રહેલ છે.

આ ઉપરાંત અમોએ તા. ૬/૬/૨૦૨૫ થી શહેરની મધ્યમાં આવેલ હિરકબાગની રિનોવેશનની માંગણી કરેલ છે. જે બાબતો અમોને આપના તરફથી જનરલ વશી/ ૭૦૯/૨૦૨૫ થી અમોને જવાબ મળેલ છે. પરંતુ



હજુ સુધી કોઈપણ જાતની કામગીરી શરૂ થયેલ જાણવા મળ્યું નથી જેથી ઉપરોકત બાબતે વહેલી તરે નિર્ણય લેવો.

**લી.**
**શ્રી દડુભાઈ બી. વાળા**
**જાગૃત નાગરિક અમરેલી**
**મો.૯૯૨૪૩ ૯૫૪૫૯**

### વરસાદથી મુરઝાતી મોલાતને મળ્યું જીવતદાન

# સાવરકુંડલા પંથકમાં દોઢ મહિનાનાં વિરામ બાદ મેઘમહેર

### કપાસ, મગફળી અને સોયાબીનના પાક માટે આશીર્વાદરૂપ





સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેર સહિત સમગ્ર આસપાસના ગ્રામ્ય પંથકમાં દોઢ મહિનાથી વધુ સમયના લાંબા અંતરાલ બાદ આજે વહેલી સવારથી જ મેઘરાજાએ ધીમી ધારે પધરામણી કરી છે. ટપ–ટપ વરસતા વરસાદી પાણીએ મુરઝાતી ખેતી માટે અમૃત વર્ષા સમાન ભૂમિકા ભજવી છે, જેનાથી કપાસ, મગફળી અને સોયાબીન જેવા મહત્વના પાકોને નવજીવન મળ્યું છે. છેલ્લા દોઢેક મહિનાથી વરસાદ ખેંચાતા સુકાઈ રહેલી મોલાતને આ ઝાપટાથી મોટો ટેકો મળ્યો છે, જેને પગલે ખેડૂત આલમમાં ખુશાલી વ્યાપી ગઈ છે.

ભૂગર્ભ જળ ઊંડા ઉતરતા હવે ભારે વરસાદની જરૂરિયાત. ધીમી ધારના વરસાદથી પાકને સાચવી લેવા પુરતું પાણી મળ્યું છે, પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂગર્ભ જળના તળ ખૂબ જ ઊંડા ઉતરી ગયા છે. માત્ર હળવા ઝાપટાં કે ધીમી ધારથી તળ ઊંચા આવે તેમ ન હોવાથી, આગામી શિયાળુ અને ઉનાળુ પાકના સુચારૂ વાવેતર તેમજ સિંચાઈ માટે પંથકમાં એક ધમધોકાર અને મુસળધાર વરસાદ થાય તે અત્યંત જરૂરી બન્યું છે. જેને લઈને ખેડૂતો હાલ એક સારા અને ભારે વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

સ્વાતિ નક્ષત્રના 'અમૃત જળ' પર ખેડૂતોની આશા. હાલ ભાદરવો મહિનો ચાલી રહ્યો છે ત્યારે વાતાવરણનો તાપ અને વરસાદ પાકને પકવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. જયોતિષીય ગણતરી મુજબ આવતીકાલે બપોરે ૧:૫૭ વાગ્યાથી 'સ્વાતિ નક્ષત્ર' બેસી રહ્યું છે, જે તારીખ ૧૫મીના રોજ બપોરે ૩:૨૩ વાગ્યા સુધી રહેશે. પૌરાણિક માન્યતા અને લોકવાયકા મુજબ સ્વાતિ નક્ષત્રમાં વરસતું પાણી અત્યંત પવિત્ર અને 'અમૃત' સમાન ગણાય છે. વરસાદી પાણી પાક માટે પોષક તત્વોથી ભરપૂર હોય છે. જો સ્વાતિ નક્ષત્રના આ શુભ ગાળામાં મેઘરાજા મન મૂકીને વરસી પડે, તો આતુરતાથી રાહ જોઈ રહેલા ધરતીપુત્રો માટે તે ખરા અર્થમાં સંજીવની આશીર્વાદરૂપ સાબિત થશે.

### DYSP ટીમે દારૂનો જથ્થો ઝડપી પાડયો

# ઉનાના વાંસોજની દરિયાઈ ખાડી પાસે દારૂની હેરાફેરીનો પર્દાફાશ

### મોપેડ પર દારૂના ઝબલા ખસેડતા બે શખ્સ ઝડપાયા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૪

ઉના તાલુકાના વાંસોજ ગામ નજીક દરિયાઈ ખાડીના કાચા રસ્તેથી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી બે શખ્સોને ઝડપી પાડયા છે. પોલીસની કાર્યવાહીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૬૧૦ બોટલો અને હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી મોપેડ સહિત કુલ૧,૫૨,૧૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ, નાયબ પોલીસ અધિક્ષકની સૂચના મુજબ પોલીસ સ્ટાફ નવાબંદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. દરમિયાન વહેલી સવારે આશરે ૧:૦૫ વાગ્યે વાંસોજ ગામ પાસે પોલીસને બાતમી મળી હતી કે, બે શખ્સો કેન્દ્રશાસિત પ્રદેશ દીવ તરફથી ઈંગ્લિશ દારૂનો જથ્થો લાવી વાંસોજ ગામે પક્ષી ઘર સામે આવેલી દરિયાઈ ખાડીના કાચા રસ્તેથી તેની હેરાફેરી કરી રહ્યા છે.

બાતમી મળતાં પોલીસ ટીમ તાત્કાલિક વાંસોજ ગામથી ખાનગી વાહનમાં સ્થળ પર પહોંચી હતી. આશરે ૧:૨૦ વાગ્યે દિવ–વાંસોજ રોડ પર પક્ષી ઘર પાસે દરિયાઈ ખાડી નજીક બે શખ્સો શંકાસ્પદ હિલચાલ કરતા જોવા મળ્યા હતા. પોલીસ ટીમે બંનેને રોકી તપાસ કરતાં એક શખ્સ મોપેડ પાસે પ્લાસ્ટિકના ઝબલા રાખતો હતો, જયારે બીજો શખ્સ દરિયાઈ ખાડી તરફથી પ્લાસ્ટિકના ઝબલા લાવી મોપેડ પાસે મૂકતો હોવાનું પોલીસને જણાયું હતું.

પોલીસે પંચોની હાજરીમાં બંને શખ્સોના કબજામાં રહેલા પ્લાસ્ટિકના ઝબલાની તપાસ કરી હતી. તપાસ દરમિયાન તેમાં ભારતીય બનાવટની અલગ–અલગ બ્રાન્ડની દારૂની બોટલો મળી આવી હતી. દારૂ રાખવા અંગે બંને શખ્સો પાસે પાસ–પરમિટ છે કે કેમ તે અંગે પૂછપરછ કરતાં કોઈ પાસ–પરમિટ ન હોવાનું સામે આવ્યું હતું. ૬૧૦ બોટલ દારૂ ઝડપાયો પોલીસે તપાસ દરમિયાન રોયલ ચેલેન્જર ફીનેસ્ટ પ્રીમીયમ વીસ્કીની ૧૮૦ એમએલની કુલ ૪૬૬ બોટલો કબજે કરી હતી. એક બોટલની કિંમત ૧૭૧ મુજબ આ જથ્થાની કુલ કિંમત ૭૯,૬૮૬ હોવાનું નોંધાયું છે. તે ઉપરાંત મેઝીક મોમેન્ટસ જામુન મીન્ટ વિવિધ ફલેવર વોડકાની ૧૮૦ એમએલની કુલ ૧૪૪ બોટલો મળી આવી હતી. એક બોટલની કિંમત ૧૫૬ મુજબ આ જથ્થાની કિંમત ૨૨,૪૬૪ થાય છે.આમ બંને બ્રાન્ડની કુલ ૬૧૦ બોટલોની કિંમત ૧,૦૨,૧૫૦ થવા પામે છે.

દારૂના જથ્થાની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી સુઝુકી બર્ગમેન મોપેડ જીજે–૩૨–એએલ–૭૩૧૨ પણ પોલીસે કબજે કરી છે. મોપેડની કિંમત આશરે ૫૦,૦૦૦ ગણવામાં આવી છે. દારૂનો જથ્થો અને મોપેડ સહિત પોલીસે કુલ ૧,૫૨,૧૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસે સ્થળ પરથી અક્ષયભાઈ ભરતભાઈ મોડાસીયા, ઉંમર ૧૯, રહે. લામધાર ગામ, તા. ઉના તથા રોહિતભાઈ ધનસુખભાઈ બાંભણીયા, ઉંમર ૨૪, રહે. વાંસોજ ગામ, તા. ઉનાને ઝડપી પાડયા છે.

પોલીસ ફરિયાદ મુજબ બંને શખ્સોએ ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો પોતાના કબજામાં રાખી તેની હેરાફેરી કરી હતી અને એકબીજાને મદદગારી કરી હતી. આ મામલે બંને વિઢદ્ધ પ્રોહિબિશન એકટની કલમ ૬૫(ઈ), ૯૮(૨), ૯૯, ૮૧ તથા ૧૧૬–ઈ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસે દારૂનો જથ્થો, મોપેડ સહિતનો મુદ્દામાલ કબજે કરી બંને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હવે દારૂનો જથ્થો દીવમાંથી કોણે પહોંચાડયો હતો, હેરાફેરી પાછળ અન્ય કોઈ વ્યક્તિ સંકળાયેલી છે કે કેમ અને સમગ્ર નેટવર્કમાં અન્ય લોકોની ભૂમિકા શું છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

કરી હતી. આ મામલે બંને વિરૂધ્ધ પ્રોહિબિશન એકટની કલમ ૬૫(ય), ૯૮(૨), ૯૯, ૮૧ તથા ૧૧૬–ઈ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસે દારૂનો જથ્થો, મોપેડ સહિતનો મુદ્દામાલ કબજે કરી બંને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હવે દારૂનો જથ્થો દીવમાંથી કોણે પહોંચાડયો હતો, હેરાફેરી પાછળ અન્ય કોઈ વ્યક્તિ સંકળાયેલી છે કે કેમ અને સમગ્ર નેટવર્કમાં અન્ય લોકોની ભૂમિકા શું છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# બાબરામાં ભાજપ પરિવારની ટિફિન બેઠક : ધૂન–ભજન સાથે સંગઠન મજબૂતીની ચર્ચા









તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની સૂચના તથા શહેર ભાજપ પ્રભારી અનિલભાઈ વેકરિયા અને ભાવનાબેન ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખરના અધ્યક્ષ સ્થાને બાબરા શહેરના ગેબી વિસામે રામદેવજી મહારાજના સાનિધ્યમાં અને પૂજય મહંત રાજુબાપુની દિવ્ય ઉપસ્થિતિમાં શહેર ભાજપ પરિવારની ટિફિન બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે શહેર ભાજપના અગ્રણીઓ, નગરપાલિકા પ્રમુખ સહિત નગરપાલિકાના સભ્યો, જિલ્લાના આગેવાનો, વિવિધ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભજન–ધૂનના આધ્યાત્મિક માહોલ વચ્ચે સૌએ સાથે મળીને ટિફિન કરી ભોજનનો આનંદ માણયો હતો. ટિફિન બેઠક દરમિયાન ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે આત્મીય સંવાદ સાથે સંગઠનને વધુ મજબૂતબનાવવા, કાર્યકર્તાઓ વચ્ચે સંકલન વધારવા તેમજ આગામી કાર્યક્રમોને સફળ બનાવવા અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી. ગેબી વિસામે યોજાયેલી આ ટિફિન બેઠકમાં ભક્તિ સાથે સંગઠન અને આત્મીયતા સાથે એકતાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. શહેર ભાજપ પરિવારના કાર્યકર્તાઓએ એકજૂથ થઈ પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે બેઠકને સફળ બનાવી હતી.

## ગણેશોત્સવનાં આગમનની સાથે કુદરતે કૃપા વરસાવી

# બાબરા પંથકમાં સતત બીજા દિવસે મેઘમહેર જોવા મળી

**પ્રમાણમાં સારો વરસાદ પડવાથી મગફળી, કપાસ સહિતનાં ખેતી પાકોને થશે ફાયદો**

**જગતાત ગણાતા ખેડૂતોનાં મોંએ છવાયેલ ચિંતાનાં વાદળો હટવા લાગ્યા**

**ચરખા, ગળકોટડી, ચમારડી, ખાખરીયા સહિતનાં ગામોમાં પણ વરસાદ પડયો**

**બેથી ચાર દિવસ સુધી મેઘમહેર યથાવત રહે તો ખેતીપાકોને વધુ ફાયદો થશે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરા પંથકમાં મેઘરાજાએ સતત બીજા દિવસે પણ મન મૂકીને વરસતાં ખેડૂતોમાં આનંદની લહેર પ્રસરી છે. બાબરા શહેર સહિત તાલુકાના ચરખા, ચમારડી, મોટા દેવળીયા, ગળકોટડી, ખાખરીયા, વાવડી, ઘરાઈ, ફુલજર, જામબરવાળા, દરેડ સહિતના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ પડતાં મુરઝાવા લાગેલા ખેતીપાકને નવજીવન મળ્યું છે.

છેલ્લા ઘણા સમયથી સારા વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે સતત બીજા દિવસે પડેલા વરસાદે મોટી રાહત પહોંચાડી છે. ખાસ કરીને બાબરા તાલુકામાં મગફળીનું વાવેતર મોટા પ્રમાણમાં થયું હોવાથી પાકને પાણીની અત્યંત જરૂરિયાત હતી. વરસાદના અભાવે ખેતરમાં ઉભેલા પાક પર સંકટના વાદળો ઘેરાયા હતા ત્યારે મેઘરાજાની મહેર થતાં ખેડૂતોમાં હાશકારો જોવા મળ્યો છે.

વરસાદથી મગફળી, કપાસ, સોયાબીન, મગ, અડદ તેમજ ચણાના પાકને મોટો ફાયદો થવાની આશા ખેડૂતોમાં જાગી છે. ખેતરોમાં જરૂરી ભેજ મળતાં મુરઝાતા પાકમાં ફરી હરિયાળી જોવા મળી રહી છે. સતત બીજા દિવસે સારો વરસાદ વરસતાં ખેડૂતોના ચહેરા પર ચિંતા દૂર થઈ ખુશી છવાઈ છે.

હવે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહે અને ખેતીપાકને જરૂરી પાણી મળી રહે તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે. મેઘરાજાની સતત કૃપા રહે તો ચાલુ સિઝનમાં ખેતીપાકને સારો ઉતારો મળવાની આશા પણ ખેડૂતોમાં બંધાઈ છે.

**માનવ વસાહતમાં સતત રાનીપશુઓની અવર–જવર**

## લીલીયા મોટાનાં અંટાળીયા ખાતે જાહેર માર્ગ ઉપર સિંહણના આંટાફેરા

**થોડીવાર માટે વાહન વ્યવહાર ઠપ્પ**



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાના ગીરકાંઠાનાં ગામો અને શહેરોમાં સિંહ દિપડા જેવા રાનીપશુોની અવર–જવર રોજિંદી ઘટના બની છે. આજે સાંજે લીલીયા મોટાનાં અંટાળીયાનાં સ્ટેશન નજીક જાહેર માર્ગ ઉપર સિંહણ આંટાફેરા કરતી હોવાનો અને વાહન વ્યવહાર ઠપ્પ થયાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com




હમરાજ ગાઠીયા હાઉસ
આદિત્ય
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, કિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363












### દેશમાં મોંઘવારીના મોરચે ફરી ચિંતા વધારી દેતા આંકડા સામે આવ્યા

# ઓગસ્ટ મહિનામાં દેશની રિટેલ મોંઘવારી વધીને ૪.૮૨% થઈ

## ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ વધતા, ખાદ્ય મોંઘવારી ૫.૯૫% પર પહોંચી, ખાસ કરીને ડુંગળી ૪૮.૨૭% અને લસણ ૪૩.૬૦% મોંઘા થયા

નવી દિલ્હી, તા.૧૪

દેશમાં મોંઘવારીના મોરચે ફરી ચિંતા વધારી દેતા આંકડા સામે આવ્યા છે. સરકાર દ્વારા સોમવારે જાહેર કરાયેલા આંકડા અનુસાર, ઓગસ્ટ મહિનામાં દેશની રિટેલ મોંઘવારી વધીને ૪.૮૨% થઈ છે. જુલાઈમાં રિટેલ મોંઘવારી દર ૪.૪૫% હતો.
ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે મોંઘવારી પર દબાણ વધ્યું છે. ઓગસ્ટમાં ખાદ્ય મોંઘવારી દર જુલાઈના ૫.૫૨%થી વધીને ૫.૯૫% થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં ખાદ્ય મોંઘવારી ૫.૬૪%, જ્યારે શહેરી વિસ્તારમાં ૬.૧૩% નોંધાઈ છે. ઓગસ્ટમાં ડુંગળીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ડુંગળીની મોંઘવારી દર જુલાઈના ૨૨.૫૪%થી વધીને ઓગસ્ટમાં ૪૮.૨૭% થઈ ગયો છે. જ્યારે લસણની મોંઘવારી દર ૩૫.૩૬%થી વધીને ૪૩.૬૦% પર પહોંચી છે.

બીજી તરફ, આદુના ભાવમાં થોડી રાહત જોવા મળી છે. આદુની મોંઘવારી દર જુલાઈના ૮૩.૫૭%થી ઘટીને ઓગસ્ટમાં ૭૩.૮૨% થયો છે. ડુંગળી અને લસણના ભાવ વધ્યા હોવા છતાં કેટલીક શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ઓગસ્ટમાં ટામેટાના ભાવમાં ૩૧.૦૯%નો ઘટાડો થયો છે, જ્યારે જુલાઈમાં આ ઘટાડો ૪.૬૦% હતો. બટાકાની મોંઘવારી દર -૧૩.૧૪% રહી છે, જે જુલાઈના -૧૬.૫૬% કરતાં ઓછી ઘટાડાની સ્થિતિ દર્શાવે છે. ભીંડાના ભાવમાં પણ ૫.૪૧%નો ઘટાડો નોંધાયો છે.

ઓગસ્ટમાં ખાંડના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યા હોવાનું સામે આવ્યું છે. ઘરેલુ બજારમાં ભાવને નિયંત્રણમાં રાખવા માટે ભારત દ્વારા ખાંડની નિકાસ પર મૂકવામાં આવેલો પ્રતિબંધ સપ્ટેમ્બરના અંત સુધી અમલમાં રહેવાનો છે. ખાંડના ભાવમાં વધારો પણ મોંઘવારી પર દબાણ વધારતો પરિબળ બન્યો છે.

આગામી સમયમાં મોંઘવારીનો ટ્રેન્ડ મુખ્યત્વે ચોમાસાની સ્થિતિ અને કૃષિ ઉત્પાદન પર આધાર રાખશે. સામાન્ય ચોમાસાથી પાકનું ઉત્પાદન સારું રહેવાની અને ખાદ્ય ચીજોના ભાવ નિયંત્રણમાં રહેવાની શક્યતા છે. જ્યારે અનિયમિત વરસાદ અથવા હવામાનમાં ફેરફારથી કૃષિ ઉત્પાદનોના ભાવ પર દબાણ વધી શકે છે.આ ઉપરાંત વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ પણ ભારત માટે મોટું જોખમ બની શકે છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થાય તો ઈંધણ અને પરિવહન ખર્ચ વધવાની સાથે આયાતી મોંઘવારીનું દબાણ પણ વધી શકે છે. RBIએ નાણાકીય વર્ષ ૨૦૨૭(FY27) માટે મોંઘવારીનો અંદાજ અગાઉના ૫.૧%થી ઘટાડીને ૫% કર્યો છે. RBIની મોનેટરી પોલિસી કમિટી(MPC)એ ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ અને સપ્લાય સંબંધિત દબાણમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને આ અંદાજમાં ફેરફાર કર્યો હતો.RBIના અનુમાન મુજબ, નજીકના સમયમાં હેડલાઈન મોંઘવારીમાં વધારો થઈ શકે છે અને ત્યારબાદ તેમાં ઘટાડો જોવા મળી શકે છે.

### સરકારનો દાવો

# LAC પર ચીને સૈનિકોની તહેનાતી ઘટાડી, ભારતીય સેનાની મોટી શરત સ્વીકારી

## બ્રિક્સ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શી જિનપિંગની મુલાકાત બાદ ભારત-ચીન સંબંધો સુધર્યા છે

નવી દિલ્હી, તા.૧૪

બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આવેલા ચીનના પ્રમુખ શી જિનપિંગની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બાદ બંને દેશોના સંબંધો ફરી એકવાર પાટા પર આવતા દેખાઈ રહ્યા છે. આવું એટલા માટે, કારણ કે ચીને ભારત સાથે જોડાયેલી વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પોતાની PLA-સેનાની તહેનાતીમાં પણ મોટો ઘટાડો કરી દીધો છે. સંરક્ષણ મંત્રાલયના તાજેતરના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે. આમ સરહદ પર તણાવ ઘટાડવાની ભારતની આકરા વલણવાળી શરતો સામે ચીને નમતું જોખવું પડ્યું છે. સંરક્ષણ મંત્રાલયના તાજેતરના રિપોર્ટ (૨૦૨૫-૨૬) પ્રમાણે ગત વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૫માં ઉત્તરીય સરહદો સામે પિપલ્સ લિબરેશન આર્મી (PLA)ની તહેનાતીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. રિપોર્ટ પ્રમાણે LACને અડીને આવેલા ચીનના વિસ્તારો અને પરંપરાગત તાલીમ વિસ્તારોમાં PLAની ૧૦-૧૦ કમ્બાઈન્ડ આર્મ્સ બ્રિગેડ તહેનાત છે. આ રિપોર્ટને હાલમાં જ સંરક્ષણ મંત્રાલયની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યો છે.

આ રિપોર્ટ પરથી એવું પ્રતીત થાય છે કે ૨૦૨૪માં ડિસએંગેજમેન્ટની પ્રક્રિયા બાદ ચીની સેના હવે ભારતીય સેનાની ડિ-એસ્કેલેશન (સરહદ પર સૈનિકોનો ઘટાડો)ની બીજી શરત માની ગઈ છે. જોકે હજુ ડિ-ઈન્ડકશન એટલે કે સૈનિકોને સંપૂર્ણ રીતે બેરેકમાં પાછા મોકલવાની ત્રીજી શરત બાકી છે. ત્યારે જ ૨૦૨૦ એટલે કે ગલવાન ઘાટીની અથડામણ પહેલાંની સ્થિતિ ન્છઝ પર કાયમ થઈ શકશે અને બંને દેશોની સેનાઓ વચ્ચેના સંબંધો સામાન્ય ગણાશે. બીજી તરફ, અરુણાચલ પ્રદેશમાં પણ છેલ્લા એક મહિનાથી ભારત અને ચીનની સેનાઓ વચ્ચે અપર-સુબાનસિરી વિસ્તારમાં ફેસ-ઓફ ચાલી રહ્યું છે. ગતિરોધને ખતમ કરવા માટે ભારત અને ચીનના કોર કમાન્ડર સ્તરની બે વાર બેઠક થઈ ચૂકી છે. પરંતુ તણાવ યથાવત છે. સંરક્ષણ મંત્રાલયના અહેવાલ પ્રમાણે ન્છઝના તમામ સેક્ટર (પૂર્વ લદ્દાખથી લઈને અરુણાચલ પ્રદેશ સુધી), ભારતીય સેનાની તહેનાતી અત્યંત મજબૂત અને સારી સ્થિતિમાં છે અને તે કોઈ પણ ઈમરજન્સી સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે.

ચીનની કમ્બાઈન્ડ આર્મ્સ બ્રિગેડ ભારતીય સેનાની એક ડિવિઝન બરાબર હોય છે એટલે કે ૧૪-૧૫ હજાર સૈનિકો. આવી સ્થિતિમાં જો LAC પર ચીનની PLAની ૧૦ કમ્બાઈન્ડ બ્રિગેડ તેનાત છે તો માની શકાય કે હાલમાં લગભગ દોઢ લાખ સૈનિકો ન્છઝ પર તહેનાત છે. જેમાં ઈન્ફેન્ટ્રી બટાલિયન ઉપરાંત મિકેનાઈઝ્ડ કોલમ એટલે કે સશસ્ત્ર વાહનો, આર્ટિલરી (તોપખાનું), એર ડિફેન્સ સિસ્ટમ અને ડ્રોન વોરફેર સાથે જોડાયેલી યુનિટ્સ સામેલ હોય છે. ગલવાન ઘાટી અથડામણ દરમિયાન પૂર્વ લદ્દાખમાં એકલા જ ચીનના લગભગ એક લાખ સૈનિકો તહેનાત હતા. એવામાં છેલ્લા છ વર્ષમાં ચીને ૩૪૮૮ કિલોમીટર લાંબી LAC પર પોતાની તહેનાતીમાં ભારે ઘટાડો કર્યો છે. પરંતુ સંરક્ષણ મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે ન્છઝ પર તહેનાતી ઉપરાંત, PLAની આટલી જ તહેનાતી એટલે કે લગભગ દોઢ લાખ સૈનિકો ભારતીય સરહદની નજીક ટ્રેનિંગ એરિયામાં તહેનાત છે. બોર્ડર નજીક ટ્રેનિંગ એરિયામાં તહેનાતીથી સૈનિકોને ન્છઝ પર તરત જ મૂવ એટલે કે મોકલી શકાય છે. આ જ કારણ છે કે ભારતીય સેના ચીન પાસે ડિ-ઈન્ડક્શન પર ભાર મૂકી રહી છે. એટલે કે સૈનિકોને સરહદથી દૂર બેરેકમાં મોકલવામાં આવે. ત્યારે જ LAC પર સ્થિતિ સામાન્ય ગણી શકાય.બ્રિક્સ સમિટથી અલગ પીએમ મોદીએ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશોએ આ વાત પર સહમતિ દર્શાવી હતી કે મતભેદોને વિવાદમાં ફેરવવા ન જોઈએ. સાથે જ બંને દેશોના સંબંધો ત્રણ પરસ્પર સિદ્ધાંતો - સન્માન, સંવેદનશીલતા અને હિત સાથે જોડાયેલા હોવા જોઈએ. દિલ્હી આવતા પહેલાં શી જિનપિંગે ચીનની સર્વોચ્ચ સૈન્ય સંસ્થા, સેન્ટ્રલ મિલિટરી કમિશન (CMC)માં બીજા નંબર પર ગણાતા જનરલ ઝાંગ યોક્સિયાને હટાવી દીધા હતા.

### ૫૦થી વધુ IPS અધિકારીની બદલી અને બઢતી થઈ શકે

# વિધાનસભા ચૂંટણી પહેલાં ગુજરાત પોલીસ બેડામાં મોટા ફેરફારની તૈયારી

## રાજ્યમાં વિધાનસભા ચૂંટણીને માત્ર એક વર્ષ બાકી રહ્યું છે તેવામાં અધિકારીઓની બદલીની ચર્ચાઓ શરૂ થઈ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં આગામી વર્ષ એટલે કે ૨૦૨૭ના ડિસેમ્બરમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. રાજ્યમાં વિધાનસભા ચૂંટણીને માત્ર એક વર્ષ બાકી રહ્યું છે. તેવામાં અધિકારીઓની બદલીની ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ છે. સામે આવેલી વિગત પ્રમાણે આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં ૫૦થી વધુ IPS અધિકારીઓની બદલી કરાશે.વિધાનસભાની ચૂંટણી પહેલા બદલીઓનો દોર શરૂ થતો હોય છે. તેવામાં આગામી વર્ષે ડિસેમ્બર ૨૦૨૭મા ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, જે પહેલાં અનેક આઈપીએસ અધિકારીઓની બદલી થઈ શકે છે. આ પહેલા તંત્રએ તૈયારી શરૂ કરી છે. ગુજરાતમાં ૫૦થી વધુ આઈપીએસ અધિકારીઓને બઢતી આપવા અને બદલી કરવાની તૈયારીઓ અંદરખાને શરૂ થઈ છે.
રાજ્યમાં વર્ષ ૨૦૨૪મા અપાયેલા પોસ્ટિંગને ૨૦૨૭મા ત્રણ વર્ષ થઈ જશે, તેવામાં વિધાનસભા ચૂંટણી પહેલા અનેક અધિકારીઓની બદલી થશે. રાજ્યમાં તાજેતરમાં બે વરિષ્ઠ અધિકારીઓ પ્રફુલકુમાર રોશન અને રાજુ ભાર્ગવની નિવૃત્તિથી ડીજી રેન્કમાં બે જગ્યા ખાલી પડી છે. તો ૧૯૯૭ બેચના આઈપીએસ અને અમદાવાદના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને ડીજીપીનું પ્રમોશન મળી શકે છે.

આ સિવાય એડિશનલ ડીજીપી રેન્કના ખુરશીદ એહમદને પણ ડીજીપી રેન્કમાં પ્રમોશન મળી શકે છે. તો ૧૯૯૮ બેચના અમિત વિશ્વકર્મા અને પિયૂષ પટેલનજે પણ પ્રમોશન મળે તેવી ચર્ચા છે. જો ચૂંટણી પહેલા બદલીની વાત કરવામાં આવે તો વડોદરાના સીપી, રાજકોટના પોલીસ કમિશનર, એટીએસના વડા અમિત વિશ્વકર્મા, સુરતના ઈન્ચાર્જ સીપી, વડોદરાના રેન્જ આઈજી, સુરતના રેન્જ આઈજી જેવા અધિકારીઓની બદલી થઈ શકે છે.

રાજ્યમાં વર્તમાનમાં ૧૫ આઈપીએસ અધિકારીઓ એવા છે જેની પાસે બે જગ્યાનો ચાર્જ છે. તેવામાં તેમના પર કામનું ભારણ રહેલું છે. તેવામાં ઘણા અધિકારીઓને વધારાના ચાર્જમાંથી મુક્ત પણ કરવામાં આવી શકે છે. વર્તમાનમાં તો આ મુદ્દે માત્ર ચર્ચાઓ ચાલી રહી છે, આ અંગે ગૃહ વિભાગ આગામી સમયમાં શું નિર્ણય લેશે તે જોવાનું રહેશે.

### CJPએ ભાજપનું ટેન્શન ફરી વધાર્યું

# મહારાષ્ટ્રમાં આંદોલન કરવાનું અભિજિત દીપકેનું એલાન

## MPSC પરીક્ષામાં પેપર લીક અને ઓનલાઈન પરીક્ષામાં અનિયમિતતા વિરુદ્ધ આ લડત લડવામાં આવશે

મુંબઈ, તા.૧૪

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના ચીફ અભિજિત દીપકે દ્વારા મહારાષ્ટ્રની ભાજપ સરકાર સામે નવું આંદોલન કરવાની ઘોષણા કરવામાં આવી છે. મહારાષ્ટ્ર લોક સેવા આયોગ(MPSC) પરીક્ષાઓમાં પેપર લીક અને ઓનલાઈન પરીક્ષાઓમાં અનિયમિતતા વિરુદ્ધ આ આંદોલન કરવામાં આવશે. કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર અભિજિત દીપકે અને અન્ય નેતાઓ MPSC દ્વારા યોજાતી ઓનલાઈન પરીક્ષાઓમાં પેપર લીક અને અનિયમિતતા સામે ચાલી રહેલા પ્રદર્શનમાં જોડાશે. અગાઉ MPSCના કેટલાક અભ્યાર્થીઓએ છત્રપતિ સંભાજીનગરના વાલુજ વિસ્તાર સ્થિત દીપકેના ઘરે તેમની મુલાકાત લીધી હતી, ત્યારબાદ આ જાહેરાત કરવામાં આવી છે.

CJPએ જાહેર કરેલી પ્રેસ રિલીઝમાં જણાવ્યું છે કે MPSCના અધ્યક્ષ અને સચિવના રાજીનામાની માંગને લઈને આંદોલન આગળ પણ ચાલુ રહેશે. જો ૨૪ સપ્ટેમ્બર સુધીમાં આ માંગણી પૂરી નહીં થાય, તો રૅજીઝના અભ્યાર્થીઓ સાથે મળીને રાજ્યવ્યાપી પ્રવાસ પણ કરવામાં આવશે. દીપકેએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી રાજીનામું નહીં મળે ત્યાં સુધી તેઓ વિદ્યાર્થીઓની આ લડાઈમાં તેમની સાથે ઊભા રહેશે.

પૂણેમાં MPSCની તૈયારી કરતા ૨૮ વર્ષીય પ્રથમેશ દેશમુખે આત્મહત્યા કરી લીધી હતી. તેના પાસેથી મળેલા સુસાઈડ નોટમાં અંદાજે ૨.૫ લાખ રૂપિયાના દેવાનો ઉલ્લેખ હતો. અભિજિત દીપકેએ પ્રથમેશના પરિવારજનો સાથે મુલાકાત કરી હતી અને જણાવ્યું હતું કે પેપર લીક તથા પરિણામોમાં વિલંબના કારણે વિદ્યાર્થીઓ પર વધતા માનસિક દબાણને કારણે આ ઘટના બની છે, જે સિસ્ટમ દ્વારા કરાયેલી હત્યા સમાન છે. અભિજિત દીપકેએ મહારાષ્ટ્રમાં સરકાર વિરુદ્ધ આંદોલન કરી રહેલા મનોજ જરાંગેની મુલાકાત લઈને તેમને સમર્થન જાહેર કર્યું છે. દીપકેએ સરકાર પર પ્રહાર કરતા સવાલ કર્યો હતો કે શું સરકાર જરાંગેને સોનમ વાંગચુકની જેમ ૨૬ દિવસ સુધી ભૂખ્યા રાખવા માંગે છે? તેમણે ચેતવણી આપી છે કે જો કોઈએ મનોજ જરાંગેને સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો તો આખો મહારાષ્ટ્ર મેદાને ઉતરશે.

### કોંગ્રેસે બાજી પલટી

# રાજસ્થાનમાં વસુંધરા રાજેના ગઢમાં ભાજપનો સફાયો થયો

## રાજસ્થાન સ્થાનિક ચૂંટણી ૨૦૨૬માં કોંગ્રેસે ઝાલાવાડ નગર પરિષદમાં ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે

જયપુર, તા.૧૪

રાજસ્થાન સ્થાનિક ચૂંટણી ૨૦૨૬ના પરિણામોમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટીને પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ગઢ ગણાતા ઝાલાવાડમાં મોટો આંચકો લાગ્યો છે. દાયકાઓથી રાજે પરિવારનો અભેદ્ય કિલ્લો મનાતા ઝાલાવાડ નગર પરિષદમાં કોંગ્રેસે એકતરફી પ્રદર્શન કરીને ભાજપના બોર્ડને ઉથલાવી દીધું છે અને સ્પષ્ટ બહુમતી સાથે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. ઝાલાવાડ નગર પરિષદના કુલ ૪૫ વોર્ડ માટે જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં કોંગ્રેસે ૨૯ બેઠકો જીતીને બહુમતી માટે જરૂરી ૨૩ના જાદુઈ આંકડાને સરળતાથી પાર કરી લીધો છે. હવે અહીં નગર પરિષદના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ પર કોંગ્રેસના ઉમેદવારની પસંદગી નિશ્ચિત બની ગઈ છે.
કોંગ્રેસઃ ૨૯ વોર્ડમાં શાનદાર વિજય
ભાજપઃ માત્ર ૧૩ વોર્ડમાં સમેટાઈ ગયું
અપક્ષઃ ૨ બેઠકો પર વિજય
આમ આદમી પાર્ટી (AAP)ઃ ૧ બેઠક પર વિજય વસુંધરા રાજે અને દુષ્યંત સિંહના ગઢમાં ગાબડું ઝાલાવાડ અને ઝાલરાપાટન વિસ્તાર દાયકાઓથી પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે અને તેમના પુત્ર તથા વર્તમાન સાંસદ દુષ્યંત સિંહનો રાજકીય ગઢ રહ્યો છે. આ વિસ્તાર ઝાલાવાડ-બારા લોકસભા સીટ હેઠળ આવે છે, જ્યાંથી દુષ્યંત સિંહ સતત સાંસદ તરીકે ચૂંટાઈ રહ્યા છે.આ અગાઉ ખુદ વસુંધરા રાજે પણ આ લોકસભા બેઠક પરથી ૫ વખત સાંસદ રહી ચૂક્યા છે.સ્થાનિક રાજકીય વર્તુળો મુજબ, ઉમેદવારોની પસંદગીમાં આંતરિક અસંતોષ અને જૂથબંધી ભાજપના આ નબળા પ્રદર્શન પાછળનું મુખ્ય કારણ મનાઈ રહ્યું છે. વસુંધરા રાજેના પોતાના વિધાનસભા ક્ષેત્ર ઝાલરાપાટનમાં ભાજપે ૨૨ બેઠકો જીતીને પોતાની શાખ બચાવી રાખી છે, જ્યારે અકલેરા અને મનોહરથાનામાં પણ ભાજપનું બોર્ડ બનવા જઈ રહ્યું છે. બીજી તરફ પિડાવા નગરપાલિકામાં કોઈપણ પક્ષને સ્પષ્ટ જનાદેશ મળ્યો નથી, જ્યાં આમ આદમી પાર્ટી કિંગમેકરની ભૂમિકામાં આવી ગઈ છે.

### ગવર્નર એબોટ અને સેનેટરે ફટકાર લગાવી

# અમેરિકામાં રિપબ્લિકન નેતાની ભારતીય વિદ્યાર્થીઓ સામે વાંધાજનક ટિપ્પણી

## ફૂટબોલ મેચમાં એશિયન અમેરિકન વિદ્યાર્થીઓના ફોટા પર રિપબ્લિકન ઉમેદવાર બો ફ્રેન્ચે ઝેનોફોબિક પોસ્ટ કરી હતી

ટેક્સાસ, તા.૧૪

યુનિવર્સિટી ઓફ ટેક્સાસની ફૂટબોલ મેચ દરમિયાન એશિયન અમેરિકન વિદ્યાર્થીઓના એક જૂથને જોઈને ઝેનોફોબિક (વિદેશીઓ કે અન્ય જાતિ પ્રત્યે અણગમો દર્શાવતી) પોસ્ટ કરનારા રિપબ્લિકન ઉમેદવાર બો ફ્રેન્ચ સામે તેમની પોતાની જ પાર્ટીના ટોચના નેતાઓ મેદાનમાં આવ્યા છે. બો ફ્રેન્ચ સ્ટેટ રેલરોડ કમિશનમાં જોડાવા માટે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર છે. તેમણે સોશિયલ મીડિયા પર એશિયન અમેરિકન વિદ્યાર્થીઓનો ફોટો શેર કરીને વિવાદ ઊભો કર્યો છે, જેની હવે ભારે ટીકા થઈ રહી છે. બો ફ્રેન્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્ટેડિયમમાં ઉજવણી કરી રહેલા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની એક તસવીર શેર કરી હતી. આ તસવીર સાથે તેમણે કેપ્શનમાં લખ્યું હતું કે, 'મેં સાંભળ્યું હતું કે આ વર્ષે UTનો પદવીદાન સમારોહ (ગ્રેજ્યુએશન) આવો દેખાતો હતો. મને વિશ્વાસ નહોતો થતો, પરંતુ આ સમસ્યા હવે કોઈએ કલ્પના કરી હતી તેના કરતાં પણ વધુ ગંભીર બની ગઈ છે.' આ પોસ્ટ સામે આવ્યા બાદ તરત જ વિરોધનો સૂર ઊઠ્યો હતો.

સિનેટર જોન કોર્નિને આ પોસ્ટને જાતિવાદી ગણાવીને તુરંત જ તેની સખત શબ્દોમાં નિંદા કરી હતી. તેમણે અન્ય રિપબ્લિકન અધિકારીઓને પણ આ સામે અવાજ ઉઠાવવા આહ્વાન કર્યું હતું. કોર્નિને લખ્યું કે, 'આ રાજ્ય સ્તરના હોદ્દા માટેના રિપબ્લિકન ઉમેદવાર છે. શું અન્ય રિપબ્લિકન ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ અસહિષ્ણુતા અને જાતિવાદની નિંદા કરશે, કે પછી આ બધું સામાન્ય બની જાય ત્યાં સુધી મોં ફેરવી લેશે? મહાન રાજકીય પક્ષો આ રીતે જ પોતે જ નષ્ટ થઈ જતા હોય છે.' ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે પણ બો ફ્રેન્ચના આ મેસેજને ફગાવી દેતા કહ્યું હતું કે, 'આ ફોટો તો ટેક્સાસના લોકો પોતાની કોલેજ ફૂટબોલ ટીમની જીતની ઉજવણી કરવા માટે એકજૂથ થયા છે તે દર્શાવે છે.' ટેક્સાસ હાઉસના અનેક રિપબ્લિકન સભ્યોએ પણ આ પોસ્ટ સામે આકરો વાંધો ઉઠાવ્યો હતો. સ્ટેટ પ્રતિનિધિ લેસી હલે ફ્રેન્ચને આ પોસ્ટ હટાવી લેવા વિનંતી કરતા કહ્યું કે, 'આ પોસ્ટ મારું દિલ તોડે છે. હું આમાં માત્ર કોલેજના બાળકોને પોતાની ટીમને પ્રોત્સાહિત કરતા જોઉં છું. આમાં મને ટેક્સાસના નાગરિકો દેખાય છે.' બીજી તરફ, સિનેટર જેરેડ પેટરસને આ પોસ્ટને 'જાતિવાદી' ગણાવીને કહ્યું કે, 'કોઈ પણ યુવાન ટેક્સન્સને તેમની ચામડીના રંગના આધારે 'સમસ્યા' ગણાવવામાં કંઈપણ ખ્રિસ્તી કે કન્ઝર્વેટિવ મૂલ્ય નથી. આ ૨૦ વર્ષના બાળકો પોતાની યુનિવર્સિટી માટે ચિયર કરી રહ્યા છે, તેઓ કોઈ રાજકીય હથિયાર કે જાતિવાદી હુમલાનું નિશાન નથી.'

### મણિપુરમાં ફરી હિંસા ભડકી

# મણિપુરમાં ઉગ્રવાદી હુમલામાં બે મહિલાઓ સહિત ૪ ના મોત

## મણિપુરના મુખ્યમંત્રી વાઈ. ખેમચંદ સિંહે આ બંને ઘટનાઓમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું

મણિપુર, તા.૧૪

ભારતના ઉત્તર-પૂર્વ રાજ્ય મણિપુરમાં ઉગ્રવાદી હુમલા અટકવાનું નામ નથી લઈ રહ્યા. રાજ્યના તામેંગલોંગ અને નોની જિલ્લામાં બે અલગ-અલગ શંકાસ્પદ ઉગ્રવાદી હુમલાઓમાં બે મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૪ લોકોના મોત થયા છે.સ્થાનિક પોલીસે જણાવ્યું કે તામેંગલોંગમાં ઉગ્રવાદી હુમલાને રવિવારે વહેલી સવારે લગભગ ૪ વાગ્યે અંજામ આપવામાં આવ્યો હતો, જેમાં ૨ લોકોના મોત થયા હતા, જ્યારે બીજી ઘટના પહેલી ઘટનાના લગભગ ૧૨ કલાક પછી બની હતી અને આ ઘટનામાં પણ ૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો.રિપોર્ટ મુજબ, પોલીસે જણાવ્યું કે ઈમ્ફાલને જીરીબામ સાથે જોડતા નેશનલ હાઈવે-૩૭ પાસે આવેલા ટોલ્લેન કુકી ગામમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓએ એક ઘર પર હુમલો કર્યો. આ દરમિયાન લિંગનગાઈ સિંગસિટનું મોત થયું હતું, જ્યારે તેમના પતિ સેઈનેહ સિંગસિટ અને નવજાત પુત્ર ઘાયલ થયા હતા. આ ઘટના બાદ જ્યારે સુરક્ષા દળો ગામમાં પહોંચ્યા, ત્યારે તેમણે ઘાયલોને મેડિકલ મદદ પૂરી પાડી હતી. અધિકારીઓએ જણાવ્યું કે સેઈનેહનું પાછળથી હોસ્પિટલ લઈ જતી વખતે પાડોશી રાજ્ય અસમના સિલચરમાં રસ્તામાં જ મોત થઈ ગયું હતું.જ્યારે બીજી ઘટનામાં, નોંગબા પોલીસ સ્ટેશન હેઠળ આવતા લોંગપી ગામમાં રવિવારે (૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬) બપોરે લગભગ ૩ઃ૩૦ વાગ્યે હથિયારબંધ ઉગ્રવાદીઓએ એક મહિલા અને એક પુરુષની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. પોલીસે જણાવ્યું કે મૃતકોની ઓળખ જૂલી ગંગટે અને આર. ગંગટે તરીકે થઈ છે.મણિપુરના મુખ્યમંત્રી વાઈ. ખેમચંદ સિંહે આ બંને ઘટનાઓમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે નિર્દોષ નાગરિકો સામે હિંસા સંપૂર્ણપણે કાયરતા છે. આવી ઘટના બિલકુલ સ્વીકાર્ય નથી અને આપણા સમાજમાં તેનું કોઈ સ્થાન નથી.

### ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે

# મંગળવારે ૨૨ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

## દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને પહાડી રાજ્યોમાં પણ એલર્ટ જારી

નવી દિલ્હી, તા.૧૪
દેશના અનેક વિસ્તારોમાં ચોમાસું ફરી સક્રિય થતાં હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હવામાન વિભાગ(IMD) દ્વારા ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ માટે દેશના ૨૨થી વધુ રાજ્યોમાં ભારે વરસાદ, ગાજવીજ, વીજળી પડવા અને તેજ પવનની ચેતવણી આપવામાં આવી છે.
દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર ગુજરાતની આસપાસ સક્રિય લો-પ્રેશર સિસ્ટમના કારણે પશ્ચિમ ભારતમાં વરસાદની સ્થિતિ વધુ ગંભીર બની છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની શક્યતા છે. બીજી તરફ, બંગાળની ખાડીમાં બનેલી સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઉત્તર ભારતથી લઈને પૂર્વોત્તર ભારત સુધી વરસાદનું જોર યથાવત રહેવાની આગાહી છે.
ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં લો-પ્રેશર સિસ્ટમની અસર સૌથી વધુ જોવા મળી શકે છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.
ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પણ ભારેથી અતિભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની તેમજ કેટલાક સ્થળોએ પૂર જેવી સ્થિતિ સર્જાવાની શક્યતા છે. તોફાની પવન અને ગાજવીજ સાથે વીજળી પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને લોકોને ખુલ્લા વિસ્તારમાં જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે.
દિલ્હી-NCR સહિત હરિયાણા અને પંજાબમાં ૧૫થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આ દરમિયાન ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનના ઝાપટા આવવાની શક્યતા છે. ભારે વરસાદને કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી ઘટી શકે છે અને સવાર-સાંજના સમયે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ શકે છે. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વરસાદનું પ્રમાણ વધુ વ્યાપક રહેવાની આગાહી છે.
ઉત્તર પ્રદેશમાં ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે ગાજવીજ સાથે વરસાદ અને વીજળી પડવાની શક્યતા છે. ખાસ કરીને પશ્ચિમ અને પૂર્વી ઉત્તર પ્રદેશમાં લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. બિહારમાં ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વ્યાપક વરસાદ સાથે ભારે વરસાદનું જોર વધવાની શક્યતા છે. ૧૫ સપ્ટેમ્બરે કેટલાક વિસ્તારોમાં ૩૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ અને ગાજવીજ થઈ શકે છે.
પૂર્વી રાજસ્થાનમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદ નોંધાયા બાદ ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે પણ વરસાદનું જોર યથાવત રહેવાની આગાહી છે. પૂર્વી રાજસ્થાનમાં ૧૭ સપ્ટેમ્બર સુધી અને પશ્ચિમ રાજસ્થાનમાં ૧૬ સપ્ટેમ્બર સુધી ગાજવીજ અને વીજળી સાથે વરસાદની શક્યતા છે. મધ્યપ્રદેશમાં પશ્ચિમ વિસ્તારમાં ભારે વરસાદ બાદ ૧૫ સપ્ટેમ્બરથી વરસાદની તીવ્રતામાં થોડો ઘટાડો થઈ શકે છે. જોકે, છત્તીસગઢ, પૂર્વી મધ્યપ્રદેશ અને વિદર્ભમાં ૧૮ સપ્ટેમ્બર સુધી ગાજવીજ સાથે વરસાદની સ્થિતિ રહેવાની શક્યતા છે. જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં ૧૫થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન વ્યાપક વરસાદની શક્યતા છે. આ દરમિયાન ૪૦થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.
ઉત્તરાખંડમાં ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે ભારે ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને પથ્થરો ધસી પડવાનું જોખમ હોવાથી મુસાફરોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.
અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ૧૫થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ તોફાન અને ગાજવીજની ચેતવણી આપવામાં આવી છે.
દક્ષિણ ભારતમાં કેરળ, માહે, લક્ષદ્વીપ અને તેલંગાણામાં ચોમાસું સક્રિય રહેશે. તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ૧૪થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ભારે વરસાદની શક્યતા છે. દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ૧૫ સપ્ટેમ્બરે ભારે વરસાદની આગાહી છે. ભારે વરસાદ વચ્ચે હવામાન વિભાગે ચોમાસાની વિદાય અંગે પણ મહત્ત્વની માહિતી આપી છે. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ની આસપાસ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય માટે સ્થિતિ અનુકૂળ બની રહી છે. આ પછી ચોમાસાની વિદાય ધીમે ધીમે ઉત્તર-પશ્ચિમ ભારતના અન્ય વિસ્તારો તરફ આગળ વધી શકે છે.
ગુજરાતના દરિયાકાંઠા અને ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને ૧૬ સપ્ટેમ્બર સુધી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રમાં પણ ૧૫થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન ઊંચા મોજાં અને ૬૦ કિમી પ્રતિ કલાક સુધીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તંત્રને સતર્ક રહેવા અને જરૂર પડે ત્યારે બચાવ કામગીરી માટે તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે.

### શ્રીલંકાને ૭૨ રને હરાવ્યું

# મહિલા એશિયા કપની ફાઈનલમાં ભારતનો શાનદાર વિજય

## ભારતીય મહિલા ટીમ તરફથી સ્મૃતિ મંધાનાએ ૩૯ બોલમાં ૫૯ રનની શાનદાર ઈનિંગ રમી હતી

દુબઈ, તા.૧૪

દુબઈમાં રમાયેલી મહિલા એશિયા કપની ફાઈનલમાં ભારતીય મહિલા ટીમે શ્રીલંકા સામે શાનદાર પ્રદર્શન કરતાં ૭૨ રને વિજય મેળવ્યો હતો. ભારતે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૮૩ રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ ભારતીય બોલરો સામે માત્ર ૧૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ બેટિંગમાં તોફાન મચાવ્યું, જ્યારે બોલિંગમાં શ્રી ચરણી અને દીપ્તિ શર્માએ શ્રીલંકાની કમર તોડી નાખી હતી.ભારતીય મહિલા ટીમ તરફથી સ્મૃતિ મંધાનાએ ૩૯ બોલમાં ૫૯ રનની શાનદાર ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં ૫ ફોર અને ૩ સિક્સ સામેલ હતી. શેફાલી વર્માએ પણ તોફાની બેટિંગ કરતાં ૩૯ બોલમાં ૬૮ રન બનાવ્યા હતા, જેમાં ૯ ફોર અને ૨ સિક્સ ફટકારી હતી. હરમનપ્રીત કૌરે ૧૪ બોલમાં ૧૪ રન બનાવ્યા હતા, જ્યારે રિચા ઘોષે ૧૩ બોલમાં ૧૭ રન સાથે ૧ ફોર અને ૧ સિક્સ ફટકારી હતી. દીપ્તિ શર્માએ ૭ બોલમાં ૫ રન બનાવ્યા હતા. ભારતી ફુલમાલીએ ૩ બોલમાં ૨ રન બનાવ્યા હતા, જ્યારે ગુનાલન કમાલિનીએ માત્ર ૫ બોલમાં અણનમ ૧૫ રન બનાવ્યા હતા, જેમાં ૧ ફોર અને ૧ સિક્સ સામેલ હતી. ભારતે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૮૩ રનનો મજબૂત સ્કોર નોંધાવ્યો હતો.ભારતીય બેટ્સમેનો સામે શ્રીલંકન બોલરો ખાસ અસર પાડી શક્યા નહોતા. મિથાલી અયોધ્યાએ ૪ ઓવરમાં ૩૩ રન આપી ૧ વિકેટ ઝડપી હતી. કવિશા દિલહરીએ ૩ ઓવરમાં ૨૯ રન અને સુગંધિકા કુમારીએ ૪ ઓવરમાં ૩૧ રન આપ્યા હતા, પરંતુ બંનેને એકપણ વિકેટ મળી નહોતી. ચમારી અથાપથ્થુએ ૪ ઓવરમાં ૩૪ રન આપી ૧ વિકેટ ઝડપી હતી, જ્યારે ચામુડી પ્રબોધાએ ૪ ઓવરમાં ૪૦ રન આપી ૧ વિકેટ લીધી હતી. નિલાક્ષી સિલ્વાએ ૧ ઓવરમાં ૧૫ રન આપ્યા હતા, પરંતુ તેઓ પણ વિકેટ મેળવી શક્યા નહોતા.૧૮૪ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકન ટીમની શરૂઆત સારી રહી નહોતી અને ભારતીય બોલરો સામે એક પછી એક વિકેટ ગુમાવતી ગઈ હતી. ચમારી અથાપથ્થુએ સૌથી વધુ ૩૬ રન બનાવ્યા હતા. તેણે ૩૨ બોલમાં ૪ ફોર અને ૨ સિક્સ ફટકારી હતી. વિશ્મી ગુણરત્નેએ ૨૨ બોલમાં ૨૦ રન બનાવ્યા હતા,

જ્યારે નિલાક્ષી સિલ્વાએ ૧૬ બોલમાં ૨૨ રન સાથે ૧ ફોર ફટકારી હતી. હર્ષિતા સમરવિક્રમાએ ૧૪ બોલમાં ૯ રન, કવિશા દિલહારીએ ૫ બોલમાં ૭ રન અને કૌશિની નુથ્યાંગનાએ ૧૪ બોલમાં ૯ રન બનાવ્યા હતા. ઈમેશા દુલાનીએ ૪ બોલમાં ૪ રન બનાવ્યા હતા. હસિની પરેરાએ ૩ બોલમાં ૧ રન અને સુગંધિકા કુમારીએ ૭ બોલમાં ૧ રન બનાવ્યો હતો, જ્યારે મિથાલી અયોધ્યા ૩ બોલમાં ૦ રને આઉટ થઈ હતી. ચામુડી પ્રબોધા અણનમ રહી હતી. શ્રીલંકાની ટીમ ૨૦ ઓવરમાં ૧૧૧ રનમાં સમેટાઈ ગઈ હતી.ભારત તરફથી શ્રી ચરણીએ ઘાતક બોલિંગ કરતાં ૪ ઓવરમાં માત્ર ૨૦ રન આપી ૪ વિકેટ ઝડપી હતી. દીપ્તિ શર્માએ પણ શાનદાર પ્રદર્શન કરતાં ૪ ઓવરમાં ૧૯ રન આપી ૩ વિકેટ ઝડપી હતી. ક્રાંતિ ગૌડે ૨ ઓવરમાં માત્ર ૮ રન આપી ૧ વિકેટ ઝડપી હતી. શેફાલી વર્માએ ૪ ઓવરમાં ૨૩ રન આપી ૧ વિકેટ, જ્યારે પ્રેમા રાવતે ૩ ઓવરમાં ૨૨ રન આપી ૧ વિકેટ ઝડપી હતી. નંદિની શર્માએ ૩ ઓવરમાં ૧૭ રન આપ્યા હતા, પરંતુ તેમને એકપણ વિકેટ મળી નહોતી. ભારતીય બોલરોના આ શાનદાર પ્રદર્શનના કારણે શ્રીલંકાની ટીમ ૧૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

### ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ભૂમિપૂજન

# મોટા દેવળીયામાં રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે સુવિધા પથનું નિર્માણ થશે

## ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો

બાબરા, તા. ૧૪

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ કામનો ઉમેરો થવા જઈ રહ્યો છે. ગામમાં અંદાજે રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે સુવિધા પથ માર્ગનું નિર્માણ કરવામાં આવનાર છે. આવિકાસ કાર્યનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વિધિવત ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

મોટા દેવળીયા ગામમાં સુવિધા પથના નિર્માણથી ગ્રામજનોને આવન–જાવનમાં વધુ સુવિધા મળશે તેમજ ગામના આંતરિક માર્ગ વ્યવસ્થામાં પણ સુધારો થશે. લાંબા સમયથી જરૂરી એવા આ વિકાસ કાર્યને મંજૂરી મળતા સ્થાનિક ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.ભૂમિપૂજન પ્રસંગે મોટા દેવળીયા જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, સરપંચ હસુભાઈ વાળા, જિલ્લા પંચાયતના સભ્ય હિતેશભાઈ કલકાણી, તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલા, તાલુકા ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ સાકરીયા, લલિતભાઈ વેકરિયા, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, ઉપપ્રમુખ મનીષભાઈ કાલેણા, તાલુકા પંચાયત સભ્ય અજિતભાઈ ખોખરીયા સહિત ઘોહાભાઈ રાતડીયા, જયસુખભાઈ રામાણી, પ્રવીણભાઈ વાળા, પરેશભાઈ સોલંકી સહિત સ્થાનિક ભાજપના અગ્રણીઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોનો સર્વાંગી વિકાસ એ સરકારની પ્રાથમિકતા છે. શહેરોની સાથે ગામડાઓમાં પણ રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ સહિતની પાયાની સુવિધાઓ વધુ મજબૂત બને તે દિશામાં સતત કામગીરી કરવામાંઆવી રહી છે. મોટા દેવળીયામાં રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે સુવિધા પથનું નિર્માણ થવાથી ગ્રામજનોને વધુ સારી માર્ગ સુવિધા ઉપલબ્ધ થશે અને ગામના વિકાસને નવી ગતિ મળશે. આગામી સમયમાં પણ બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં લોકોની જરૂરિયાત અને માંગને ધ્યાનમાં રાખીને જરૂરી વિકાસકામોને પ્રાથમિકતા આપવામાં આવશે. રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે જરૂરી તમામ સહયોગ અને સંસાધનો ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે.

ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે વિકાસના કામોમાં સરકાર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અને ગ્રામજનોના સહકારથી ગામડાઓમાં સુવિધાઓનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. મોટા દેવળીયામાં શરૂ થનાર આ વિકાસકાર્ય પણ ગ્રામજનો માટે ઉપયોગી સાબિત થશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

### તાજેતરમાં સુરત ખાતે જુનિયર હોકી સ્પર્ધા યોજાઈ

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભાએ રાજય કક્ષાએ હોકી સ્પર્ધામાં રજત પદક મેળવી ગૌરવ વધાર્યુ

## દરેક વિદ્યાર્થીમાં એક ચેમ્પિયન છુપાયેલ છે : વસંતભાઈ ગજેરા

અમરેલી, તા. ૧૪

જવાહરલાલ નેહરૂ જુનિયર હોકી સ્પર્ધાનું આયોજન સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજયના અલગ–અલગ જિલ્લાની શ્રેષ્ઠ શાળ ાકીય હોકી ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાના ઉકજજ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગજેરા કેમ્પસ–વિદ્યાસભાનાની ા–૧૭ ભાઈઓ હોકી ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવી ને રજત પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. જેમાં આ સંસ્થાના ૧) બારૈયા કુલદીપ ૨) ગોહિલ યુગ ૩) વસાવા મયંક ૪) ભલગરીયા ઈન્દ્રસિંહ ૫) જેઠવા અક્ષય ૬) સોલંકી જેસલરાજ ૭) સરવૈયા સંજય ૮) મકવાણા સુજલ ૯) રાઠોડ રાજન ૧૦) ચૈહાણ કર્મ ૧૧) પરમાર માનવ ૧૨) તારપરા યશ ૧૩) મકવાણા અસ્મિત ૧૪) નંદાણીયા કૃપાગ ૧૫) મોરિ દિશાંત ૧૬) ચુડાસમા આર્યવીર ની ટીમએ સુવર્ણ પદક પ્રાપ્ત કર્યું. ગજેરાકેમ્પસ વિદ્યાસભા સ્કૂલના DSLL ખેલાડીઓએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોટર્સ સ્કૂલની



વિશેષ ભૂમિકા રહી છે. હોકી ટીમમાં ગજેરા કેમ્પસના પ્રતિભાશાળી ખેલાડીઓની જીત સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. રાજય કક્ષાએ મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજય સ્તરે ઉજાગર કર્યુ છે.

૧૯૫૯થી શિક્ષણ અને સંસ્કારની ગૌરવશાળી પરંપરા ધરાવતી વિદ્યાસભા દ્વારા ગુણવત્તાસભર શિક્ષણની સાથે રમતગમત અને આત્મરક્ષાના ક્ષેત્રમાં પણ વિદ્યાર્થીઓને નિષ્ણાત માર્ગદર્શન અને સતત પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યાં છે. આ સિદ્ધિ ખેલાડીઓની મહેનત, વાલીઓના સહયોગ અને કોચ દ્વારા આપવામાં આવતી સઘન તાલીમનું પરિણામ હોવાનું જણાવાયું છે. આ સિદ્ધિ દ્વારા ફરી એકવાર રાજય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડી ટીમ, તેમજ કોચ અક્ષયભાઈ સોની , રૂચિતભાઈ પટેલ અને ટ્રેનર સાર્થકભાઈ માલકીયા અને ટવીન્કલબેન ગજ્જર ને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### સાસંદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયા સહિત

# બાબરાના પંચકુંડના લોકમેળામાં જનપ્રતિનિધિઓએ માણ્યો આનંદ

## ૪ દિવસમાં હજારો વ્યકિતઓએ આનંદ માણ્યો

બાબરા, તા.૧૪

બાબરા શહેરમાં પંચકુંડે શ્રી નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં ભાદરવી અમાસ નિમિત્તે યોજાયેલા ભવ્ય લોકમેળ ાના અંતિમ દિવસે પણ મેળામાં માનવ મહેરામણ ઉમટી પડયું હતું. ચાર દિવસ સુધી ચાલેલા આ લોકમેળામાં બાબરા શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને પડોશી તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં સમગ્ર પંચકુંડ વિસ્તાર લોકરંગે રંગાયો હતો.લોકમેળાના અંતિમ દિવસે સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ મેળ ાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે શ્રી નીલકંઠ યુવક મંડળના આયોજકો દ્વારા બંને મહાનુભાવોનું સાલ ઓઢાડી ભાવભર્યુ સન્માન કરવામાં આવ્યું હતું.ત્યારબાદ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ મેળ ામાં સામાન્ય મુલાકાતી તરીકે ટિકિટ બારી પરથી ટિકિટ મેળવી સ્થાનિક કાર્યકરો સાથે વિવિધ રાઈડ્સની મોજ માણી હતી. તેમણે મોતના કૂવા સહિતની રોમાંચક રાઈડ્સ તેમજ હોડકામાં બેસીને મેળાની રંગતનો આનંદ લીધો હતો. સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા કાર્યકરો સાથે મેળ ામાં સહજતાથી ફરતા અને વિવિધ રાઈડ્સનો આનંદ માણતા જોવા મળતાં ઉપસ્થિત લોકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયાએ પંચકુંડ ખાતે યોજાતો લોકમેળો સમગ્ર પંચાલ વિસ્તારની આગવી ઓળખ સમાન હોવાનું જણાવી આયોજકો દ્વારા ચાર દિવસ દરમિયાન કરવામાં આવેલી વ્યવસ્થાને બિરદાવી હતી. મેળામાં આવનારા શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ માટે વિવિધ સુવિધાઓ ઊભી કરવા તેમજ મેળાની સફળતા માટે શ્રી નીલકંઠ યુવક મંડળ દ્વારા કરવામાં આવેલી મહેનતને તેમણે અભિનંદન પાઠવ્યા હતા.લ ો ક મ ે ળ ા દરમિયાન પોલીસ તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ચારેય દિવસ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા, ભીડનું નિયંત્રણ તથા કાયદો અને વ્યવસ્થા જળ વાઈ રહે તે માટે પોલીસ દ્વારા સતત કામગીરી કરવામાં આવી હતી.ભાદરવી અમાસના પાવન પર્વ નિમિત્તે યોજાયેલા આ ચાર દિવસીય લોકમેળામાં લાખોની સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી વિવિધ રાઈડ્સ, ખાણીપીણીના સ્ટોલ અને ખરીદીના સ્ટોલ સહિત મેળાની વિવિધ પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો હતો. અંતિમ દિવસે પણ મોડી રાત સુધી મેળામાં લોકોની ભારે ભીડ જોવા મળતાં પંચકુંડનો લોકમેળ ો આ વર્ષે પણ લોક આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો.

### પૂ. ભકિતરામબાપુ, સાંસદ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા

# સાવરકુંડલાના મોટા ભમોદ્રા અને ગાધકડા ખાતે ૪.૯૨ કરોડનાં વિકાસ કાર્યોનું લોકાપર્ણ અને ભૂમિપૂજન

## ગાધકડામાં સરદાર પટેલની પ્રતિમાનુ લોકાપર્ણ કરાયુ

સાવરકુંડલા, તા. ૧૪

મોટા ભમોદ્રા ગામે નાળ –ભમોદ્રા રોડનું ખાતમુહૂર્ત,લાઈબ્રેરીના નિર્માણનું ખાતમુહૂર્ત, સબ–સેન્ટર, આંગણવાડીનું ખાત મુહત તેમજ સુવિધા પથ નું લોકાપણ કરવામાં આવ્યું સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા તેમજ ગાધકડા ગામે વિકાસના કામો ની ભેટ આપવામાં આવી હતી જેમાં મોટા ભમોદ્રા ગામે ગ્રામ વિકાસને વેગ આપતા વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રૂ. ૨.૮૦ લાખના ખર્ચે નાળ–ભમોદ્રા રોડનું ખાતમુહૂર્ત, રૂ. ૩૫ લાખના ખર્ચેલાઈબ્રેરીના નિર્માણનું ખાતમુહૂર્ત, રૂ. ૪૫ લાખના ખર્ચે સબ–સેન્ટરના નિર્માણનું ખાતમુહૂર્ત, રૂ. ૧૮ લાખના ખર્ચે આંગણવાડીના નિર્માણ સહિત રૂ. ૮૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા સુવિધા પથનું લોકાર્પણ ૪.૫૮ કરોડના કામોનું ખાત મુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સાવરકુંડલ તાલુકાના મોટા ભમોદ્રા ગામે વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણથી ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ વિકાસકાર્યો પૂર્ણ થતાં ગામના નાગરિકોને રોડ, શિક્ષણ, આરોગ્ય, બાળ વિકાસ તેમજ પાયાની સુવિધાઓમાં વધુ સુવિધા પ્રાપ્ત થશે.

આ ઉપરાંત સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રૂ. ૩૪.૮૩ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે જ લોખંડી પુરૂષ સરદાર



વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.બંને ગામોમાં હાથ ધરાયેલા વિકાસકાર્યોથી ગ્રામ્ય વિસ્તારમાં સુવિધાઓમાં વધારો થવાની સાથે સ્થાનિક વિકાસને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોનું ગ્રામજનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં માનવ મંદિરના પૂજય ભક્તિરામબાપુના હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભરતભાઈ સુતરિયા સાંસદ તથા દક્ષાબેન ચોડવડિયા, પ્રમુખ જિલ્લા પંચાયત, મહેશભાઈ કસવાલા,ધારાસભ્ય, ભીખાભાઈ ધોરાજીયા પ્રભારી તાલુકા ભાજપ, રજનીભાઈ ડોબરિયા પ્રમુખ તાલુકા ભાજપ, પ્રકાશભાઈ પાનસુરિયા ચેરમેન જાહેર બાંધકામ સમિતિ જિલ્લા પંચાયત અમરેલી, પ્રદિપ ભાખર ચેરમેન પ્રતિનિધિ આરોગ્ય સમિતિ, ચેરમેન દિપકભાઈ માલાણી માર્કેટયાર્ડ, તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, સદસ્યો, સંગઠન હોદ્દેદારોના આગેવાનો, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઈન્ટરનેશનલ કો–ઓપ. એલાયન્સ (ICA)ની સંસ્થા

# ભૈ વાહ : અમરેલીના હર્ષ સંઘાણી વૈશ્વિક યુવા સમિતિના પ્રમુખપદે પુન : બિરાજ્યા

## તાજેતરમાં ‘પનામાં’ દેશ ખાતે સામાન્ય સભા યોજાઈ

અમરેલી, તા.૧૪

અમરેલીના હર્ષ સંઘાણીને ઈન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ (ICA)ની વૈશ્વિક યુવા સમિતિના પ્રમુખપદે બિનહરીફ પુનઃચૂંટણી દ્વારા ફરીથી ચૂંટવામાં આવ્યા છે,

પનામા દેશ ખાતે યોજાયેલી ICA વૈશ્વિક પરિષદ અને સામાન્ય સભા ૨૦૨૬માં. વિશ્વના ૧૦૦થી વધુ દેશોના સહકારી ચળવળ ના પ્રતિનિધિઓએ સર્વસંમતિથી તેમનામાં વિશ્વાસ મૂકીને આ જવાબદારી ફરી સોંપી છે.

આ સિદ્ધિ સાથે તેમણે ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. અગાઉ, ૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ માન્ચેસ્ટર ખાતે યોજાયેલી ચૂંટણીમાં તેઓ આ પદ પર ચૂંટાનારા પ્રથમ એશિયન તથા માત્ર ૨૦ વર્ષની વયે ICAના બોર્ડ મેમ્બર બનનારા ઈતિહાસના સૌથી યુવા વ્યક્તિ બન્યા હતા. હવે, બિનહરીફ પુનઃચૂંટણી થકી તેમણે



પોતાના નેતૃત્વ પરના વૈશ્વિક | વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લામાં તા. ૨૧ સપ્ટેમ્બરથી તા. ૦૯ ઓકટોબર સુધી સેવા સેતુ ગ્રામ્ય યોજાશે

## સેવા સેતુના સુચારૂ આયોજન અંગે બેઠક યોજાઈ

અમરેલી, તા. ૧૪

રાજય સરકારની વ્યક્તિલક્ષી કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચાડવાના હેતુથી નવીન કાર્યપદ્ધતિના ભાગરૂપે અમરેલી જિલ્લામાં તા. ૨૧ સપ્ટેમ્બરથી તા. ૦૯ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સેવા સેતુ ૨.૧ ગ્રામ્ય યોજાશે. સેવા સેતુ અંતર્ગત વિવિધ સરકારી સેવાઓ અને વ્યક્તિલક્ષી કલ્યાણકારી યોજનાઓનો લાભ લાભાર્થીઓને તેમના નજીકના સ્થળ ે મળી રહે તે માટે આયોજન કરવામાં આવ્યું છે.સેવા સેતુ ૨.૧ ગ્રામ્યના પ્રથમ તબક્કા અંતર્ગત તા. ૧૯ સપ્ટેમ્બર સુધી લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ આપવા માટે જરૂરી દસ્તાવેજો તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ જિલ્લા પંચાયતની બેઠક દીઠ સેવા સેતુ કાર્યક્રમ યોજી, વિવિધ સરકારી યોજનાઓનો લાભ પાત્ર લાભાર્થીઓને આપવામાં આવશે.સેવા સેતુ ૨.૧ ગ્રામ્યના સફળ અને સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને મંગળવારે અમરેલી જિલ્લા સેવાસદન ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેકટરે સેવા સેતુ શરૂ થાય તે પહેલાંના પ્રથમ તબક્કામાં જ જરૂરી સેવાઓની કામગીરી પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.પ્રથમ તબક્કામાં તમામ ગામોમાં આધાર નોંધણી અને આધારમાં સુધારા, આઈ.સી.ડી. એસના બાળકોના આધાર કાર્ડ, રેશનકાર્ડ સંબંધિત સેવાઓમાં નામ દાખલ કરવા, નામ કમી કરવા તેમજ સુધારા અને ઈ–કે.વાય.સી જેવી સેવાઓ સુનિશ્ચિત કરવા જણાવાયું હતું.

આ ઉપરાંત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મહેસૂલી રેકર્ડમાં વારસાઈની એન્ટ્રી, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને તેને સંબંધિત યોજનાઓ, બેન્કિંગ સંબંધિત સેવાઓ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, સોઈલ હેલ્થ કાર્ડ, માતૃશક્તિ, નમોશ્રી, આઈસીડીએસ બાળકોના આધાર કાર્ડ, ખાતેદાર ખેડૂતના નમૂના નં. ૭/૧૨ સાથે આધારકાર્ડનું જોડાણ તથા કિસાન ક્રેડિટ કાર્ડ સહિતની કુલ ૧૨ સેવાઓમાં પાત્ર લાભાર્થીઓને લાભ મળે તે માટે પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવશે.જિલ્લા કલેકટરે રાજય સરકારના પરિપત્ર મુજબ સેવા સેતુ ૨.૧ના પ્રથમ તબક્કાની કામગીરી સમય મર્યાદામાં ૧૦૦ ટકા પૂર્ણ કરવા તેમજત્યારબાદ કેમ્પ દરમિયાન હાથ ધરાનારી બીજા તબક્કાની કામગીરીનું પણ સુચારૂ આયોજન કરી દરેક પાત્ર લાભાર્થી સુધી યોજનાનો લાભ પહોંચે તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચના આપી હતી.બેઠકમાં સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, નિવાસી અધિક કલેકટર એ.એ. ડોડિયા, પ્રાંત અધિકારી અમરેલી–કુકાવાવ જાડેજા, પ્રાંત અધિકારી ધારી–ખાંભા અર્પણ ચાવડા, પ્રાંત અધિકારી બગસરા–વડિયા કમલેશ નંદા, પ્રાંત અધિકારી લાઠી–બાબરા પારસ ચૌહાણ, પ્રાંત અધિકારી સાવરકુંડલા– લીલીયા ઝીલ પટેલ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ, અગ્રણી અતુલ ભાઈ કાનાણી, રાજુભાઈ ભુતૈયા, મેહુલભાઈ ધોરાજીયા, દિવ્યેશભાઈ વેકરીયા, ઉપસ્થિત રહ્યા હતા.

### વિદ્યાર્થીઓ અને સરકારી નોકરી મેળવનારનુ થશે સન્માન

# અમરેલીમાં આગામી 30 સપ્ટેમ્બરનાં રોજ કોળી સમાજ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાશે

## વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને યાદી મોકલવા અનુરોધ

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાના કોળી સમાજમાં શિક્ષણ ને ઉજાગર કરવા તેમજ વિદ્યાર્થીઓ ઊચ્ચ શિક્ષણ માટે કટિબપ્રધ બેને તેવા આશય સાથે અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી સહકારી મંડળી દ્વારા વિદ્યાર્થી સન્માન વિશેષ પ્રતિભા સન્માન તેમજ નવ નિયુક્ત કોળી કર્મચારી સન્માન સમારોહનો ત્રિવિપ્રધ કાર્યક્રમ યોજવામાં આવશે.પ્રાપ્ત વિગત મુજબ અમરેલી જિલ્લાના કોળી સમાજમાં હજુ પણ પૂરતા શિક્ષણનો અભાવ છે ઘણા વાલીઓ પોતાના સંતાનોને પૂરતું શિક્ષણઆપવાના બદલે આર્થિક મુશ્કેલી કે અન્ય કારણોસર અધવચ્ચેથી શિક્ષણ છોડાવી દેતા હોય છે સાથોસાથ શિક્ષણ માટેની પૂરતી ગાઈડલાઈનના અભાવે પણ ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દેતા હોય છે ત્યારે આવા વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યેનો લગાવ ઉજાગર કરવા તેમજ જુસ્સો વધારવા અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી મંડળી દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ તેમજ વિશેષ સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીનું સન્માન તેમજ સરકારના અલગ અલગ વિભાગોમાં સરકારી નોકરી મેળવનાર કર્મચારીઓનો સન્માન સમારોહ સાથેનો ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે જેમાં ૩૦ મી સપ્ટેમ્બર સુધી ધોરણ ૫ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ કે જેઓ ૬૦ ટકા થી વધુ માર્ક ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓની માર્કશીટ મોકલી આપવા તેમજ વિશેષ સિધ્ધિ હાંસલ કરનારા વિદ્યાર્થીઓ તેમજ નવ નિયુક્ત કર્મચારીઓએ પોતાની યાદી મંડળીના કારોબારી સભ્યોને મોકલી આપવા જણાવવામાં આવેલ હતું.

# અમરેલીનાં ગજેરા કેમ્પસમાં ગણેશોત્સવ દ્વારા શિક્ષણ સાથે સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધનનો સંદેશ






શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા, અમરેલી ખાતે ભાદરવી ચોથના પાવન દિવસે ગણેશોત્સવનો ભકિત અને ઉત્સાહભર્યો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કેમ્પસના બોયઝ હોસ્ટેલ તથા ગર્લ્સ હોસ્ટેલ ખાતે વિધ્નહર્તા શ્રી ગણેશજીની ભાવભેર સ્થાપના કરવામાં આવી હતી. ગણપતિ બાપ્પાના જયઘોષ સાથે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગણેશજીની સ્થાપના કરી સામૂહિક આરતી કરી હતી. આ પ્રસંગે હોસ્ટેલના વિદ્યાર્થીઓ સાથે નિવાસી વિદ્યાર્થીઓ, પ્રિન્સિપાલ, સુપરવાઈઝર્સ, શિક્ષકગણ તથા નોન–ટીચિંગ સ્ટાફ સહિત સમગ્ર કેમ્પસ પરિવાર જોડાયો હતો. સમગ્ર કેમ્પસ ભકિત, આનંદ અને ઉત્સાહના માહોલથી ગુંજી ઊઠયું હતું. આ પ્રસંગે વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, 'શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિસ્ત, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ અને શ્રેષ્ઠ નાગરિક બનવાની ભાવના કેળવવી એ સંસ્થાની જવાબદારી છે. ગણેશોત્સવ જેવા પર્વો વિદ્યાર્થીઓને આ મૂલ્યો સાથે જોડવાનું સુંદર માધ્યમ છે. આગામી સાત દિવસ સુધી બંને હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ દ્વારા સવાર–સાંજ આરતી કરવામાં આવશે. સાથે વિભાગવાર સ્ટાફ દ્વારા પણ આરતી કરી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય, શૈક્ષણિક સફળતા અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરવામાં આવશે. ગણેશજી પાસેથી માતા–પિતાનું સન્માન, જ્ઞાન, વિનમ્રતા, વિધ્નો સામે હિંમત અને સૌના કલ્યાણની ભાવના જેવા જીવન મૂલ્યોની પ્રેરણા મળે છે. આથી ગણેશોત્સવને માત્ર ધાર્મિક ઉત્સવ તરીકે નહીં, પરંતુ 'શિક્ષણ સાથે સંસ્કાર'ના સંદેશને સાકાર કરતું સંસ્કારસભર આયોજન બનાવવામાં આવ્યું છે. વિદ્યાસભા સંસ્થા મેનેજમેન્ટ તરફથી પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડિરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા વિદ્યાર્થીઓને ગણેશોત્સવની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને સુંદર આયોજન બદલ હોસ્ટેલ વિભાગના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. ગણેશજીના આશીર્વાદથી વિદ્યાસભા પરિવારના તમામ વિદ્યાર્થીઓ જ્ઞાન, સંસ્કાર અને સફળતાના માર્ગે આગળ વધે તેવી પ્રાર્થના સાથે ગણેશોત્સવનો શુભ પ્રારંભ થયો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું આસ્થાભેર ગણપતિની સ્થાપના

જાની તથા યુવક મંડળનાં સભ્યો ધ્વારા ભારે જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સંપન્ન કરવામાં આવશે. તા. ૨૫/૯/૨૬ને શુક્રવારનાં રોજ શ્રી વિસર્જન સવારી શહેરનાં મુખ્ય માર્ગો પર ફરી સાંજના ૭ કલાકે નદીમાં વિસર્જન કરવામાં આવશે. તો અમરેલીની ભાવિક તેમજ ધાર્મિકજનોનો સહકાર મળશે તેવી રાજનભાઈ જાની તથા યુવક મંડળનાં સંલગ્ન સભ્યો ધ્વારા આ જાહેરાત કરવામાં આવે છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલા–જાફરાબાદ માર્ગને

ગેરકાયદેસર કાર્યવાહી કહેવાય અને આવી કાર્યવાહી જાહેર જનતાને તેના મિલ્કત ધારણ કરવાના અને તેની મિલ્કતને જાળવવાના બંધારણીય હકકનું ખલ્લું ઉલ્લંધન ગણવામાં આવે છે. અમોએ ફકત બાબરકોટના પાટીયાથી જાફરાબાદની હદ સુધીનો જ ઉલ્લેખ કરેલ છે.પરંતુ આ સર્વે નંબરોમાં વધારો થાય તેવી પુરી શકયતા છે. તેમજ ચારનાળાથી જાફરાબાદ સુધી ઘણા સર્વે નંબરો કપાવાનાની શકયતા છે. તો આ બાબતે આવી સંભવિત કપાત થવાની જમીન ધારકોમાં કચવાટ થઈ રહેલ છે.

વધુમાં જણાવેલ છે કે, દેશના કે રાજયના વિકાસ માટે જમીન ધારકોની જમીન કપાત કરવાની હોઈ તો તેના માટે અંગ્રેજોના શાસનકાળમાં પણ તેઓએ ઈ.સ.૧૮૯૪ માં 'જમીન સંપાદન અધિનિયમ' બનાવેલ હતો. અને તે મુજબ જમીન ધારકોને વળતર આપીને જાહેર હિત માટે જમીન સંપાદન કરવામાં આવતી હતી. તેમજ આ કાયદામાં સને ૨૦૧૩માં નવેસરથી સુધારો કરવામાં આવેલ છે. અને તે મુજબ જ કાર્યવાહી કરવાની થાય છે.

કોઈપણ ખાતેદારની ખેતી અથવા બિનખેતીની જમીન કપાત કરવાની કાર્યવાહી કરવાની હોઈ તો, તેના માટે પ્રથમ જમીનનો પ્રારંભિક સર્વે નંબર નક્કી કરી, ત્યારબાદ પ્રાથમિક જાહેરનામુ બહાર પાડવાનું હોય છે.

ત્યારબાદ આખરી જાહેરનામ બહાર પાડવાનું હોય છે. જેમાં સર્વે નબંરો તથા કપાત ક્ષેત્ર ફળનો ઉલ્લેખ કરવાનો હોય છે. ત્યારબાદ રાજયમાં વધુ ફેલાવો ધરાવતા છાપામાં જાહેરાત આપવાની હોય છે. જેમાં એક છાપ સ્થાનિક ભાષાનું હોવું જોઈએ. ત્યારબાદ જાહેર જનતા કે જેને ભવિષ્યમાં અસર થવાની છે. તેઓ પાસેથી વાંધા મંગાવવાના હોઈ છે. આ વાંધા ઓની સુનાવણી કરીને આખરી નિર્ણય લેવાનો હોઈ છે. અને જમીનનું વળતર એટલે કે એવોર્ડ જાહેર કરીને જમીન માલિકોને વળતરની ચુકવણી કર્યા બાદ જ જે તે જમીનનો કબજો લેવાનો રહે છે.

આવી તમામ કાયદાકીય હકિકત જણાવવાનો અમારો હેતુ એવો છે કે, જમીન ધારકોને યોગ્ય ન્યાય અને વ્યાજબી વળતર મળી રહે તેવા તમામ શકય એટલા પગલા લેવાના અને કાયદાથી દેશના નાગરિકોના હક્કોના રક્ષણ માટે અને બંધારણથી આપવામાં આવેલા અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી જવાબદાર અધિકારીઓને આપવામાં આવેલી છે.પરંતુ હાલમાં જે રીતે કામગીરી કરવામાં આવે છે તે લોકોના હક્કને રૂંધવાની કામગીરી થતી હોઈ એવું લાગે છે.

હાલમાં કોઈ અજાણ્યા માણસો દ્વારા જમીન ધારકોને ખોટી રીતે ધમકાવવામાં આવી રહેલ છે. અને ગેરકાયદેસરનો કબજો લેવાના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. જે લોકશાહી દેશ માટે શરમજનક બાબત છે. જેથી ચારનાળાથી જાફરાબાદ સુધીના ફોરલેન રોડ બનાવવા માટે જે જમીન કપાવવાની સંભાવના છે. તેવા ખેડુતોને યોગ્ય વળતર આપીને જ આગળની કાર્યવાહી કરવી અન્યથા ખેડુતોને એકજુથ થઈને સરકારના આવા અન્યાયકારી વલણ સામે સંઘર્ષ કરવાની ના–છુટકે ફરજ પડશે અને યોગ્ય ન્યાય મેળવવા ગુજરાત હાઈકોર્ટ અને જરૂર પડયે સુપ્રિમ કોર્ટમાં પણ ન્યાય મેળવવા ધા નાખવાની ફરજ પડશે આ બાબતને લઈને જે કાંઈ નુકસાન જશે તેની જવાબદારી તમામ જવાબદાર અધિકારીઓની રહેશે. જેની ગંભીર નોંધ લેવા અરજી તથા મૌખિક રજૂઆતો ખેડૂતો દ્વારા કરવામાં આવી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૮૩૦ | ૧૪૦૦ |
| ૨ | શિંગ મોટી નવી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૭૦ | ૧૯૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૬૫ | ૨૪૯૫ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૩૬૪૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૦૦ | ૨૪૫૫ |
| ૭ | બાજરો | ૩૩૫ | ૪૫૦ |
| ૮ | જુવાર | ૫૭૫ | ૧૨૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૨૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૧૫ | ૬૨૦ |
| ૧૧ | ચણા | ૧૦૮૫ | ૧૩૦૫ |
| ૧૨ | સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૩ | છોલે ચણા | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૧૪ | તુવેર | ૧૩૧૦ | ૧૫૯૦ |
| ૧૫ | કપાસ | ૧૦૯૦ | ૨૦૪૫ |
| ૧૬ | એરંડા | ૧૨૦૦ | ૧૪૩૫ |
| ૧૭ | જીરૂ | ૨૨૦૦ | ૩૯૫૫ |
| ૧૮ | ધાણી | ૨૪૦૦ | ૨૯૫૫ |
| ૧૯ | અજમા | ૨૧૯૦ | ૨૧૯૦ |
| ૨૦ | સોયાબીન | ૧૦૦૦ | ૧૧૧૦ |
| ૨૧ | રાજગરો | ૧૧૦૫ | ૧૧૦૫ |

# રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેરે ૧૫૧ ઈકો–ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓનું કર્યુ વિતરણ




અમરેલી, તા. ૧૪

રાજુલા–જાફરાબાદ–ખાંભા વિધાનસભા વિસ્તારમાં પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર દ્વારા ગણેશોત્સવને લઈને પર્યાવરણ જાગૃતિનો અનોખો સંદેશ આપવામાં આવ્યો હતો. પર્યાવરણને નુકસાન ન થાય અને ગણેશ ઉત્સવ દરમિયાન લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી માટીમાંથી બનાવવામાં આવેલી ઈકો–ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર તથા તેમના મિત્રોના સહયોગથી કુલ ૧૫૧ જેટલી ઈકો–ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓ તૈયાર કરાવી લોકોમાં વિતરણ કરવામાં આવી હતી. મૂર્તિઓ લેવા માટે મોટી સંખ્યામાં શહેરીજનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સામાન્ય રીતે ગણેશોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં મૂર્તિઓની સ્થાપના કરવામાં આવે છે. મૂર્તિ વિસર્જન બાદ કેટલીક મૂર્તિઓમાં વપરાતા સામગ્રીના કારણે પાણી અને પર્યાવરણ પર વિપરીત અસર થવાની ચિંતા રહે છે. ત્યારે માટીની મૂર્તિઓના ઉપયોગને પ્રોત્સાહન આપીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પહેલ દ્વારા ગણેશ ભક્તોને ભક્તિની સાથે પર્યાવરણની જવાબદારી નિભાવવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. માટીની ઈકો–ફ્રેન્ડલી મૂર્તિઓના ઉપયોગથી પર્યાવરણને ઓછું નુકસાન થાય અને લોકોમાં પણ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો દ્વારા પણ આ પહેલને આવકારવામાં આવી હતી. ગણેશોત્સવ જેવા લોકપ્રિય ધાર્મિક પર્વ સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ જોડાય તે દિશામાં આ પ્રયાસને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

## પાના ૮ ઉપરનું ચાલું મજૂરીનાં બિલની તપાસ કરો

ગ્રામ પંચાયતોના સરકારી–ગ્રાન્ટોના નાણા ચુકવવામાં આવે છે તેમજ અમરેલી તાલુકા પંચાયતના વર્તમાન પ્રમુખ ગીતાબેન રમેશભાઈ માંડણકા અને ગત તત્કાલીન તાલુકા પંચાયતના ચેરમેન નિકુલ રમેશભાઈ માંડણકાના પિતા રમેશભાઈ ભગવાનભાઈ માંડણકાના નામે મજુરીના બીલો વાંકીયા તેમજ તેના સસુરના ગામ પીઠવાજાળમાં ગટર તેમજ અલગ અલગ મજુરી કામોના બીલો ચુકવણા કરવામાં આવેલ છે. આવી રીતે બીજી ગ્રામ પંચાયતોમાં પણ રૂદ્રા એન્ટરપ્રાઈઝ મુ. નવાખીજડીયાના નામથી બોગસ પેઢી ઉભી કરી વ્યવસ્થિત રીતે સરકારી નાણામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે. આ પેઢીમાં પ્રોપરાઈટર તરીકે વર્તમાન નવા ખીજડીયા ગામના સરપંચ વિપુલભાઈ કણબી રહે. નવા ખીજડીયાને રાખીને આ તાલુકા પંચાયત હસ્તકની ગ્રાન્ટો તેમજ સરકારની વિકાસકીય યોજનાની ગ્રાન્ટોમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે. જેના પુરાવા રૂપે આ બીલો સામે રાખી આપ સમક્ષ તાત્કાલીક તપાસ કરવા અંતમાં માંગ કરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૯૦૦ | ૨૦૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૩૬ | ૫૪૬ |
| ૩ | ચણા | ૯૨૫ | ૯૨૫ |
| ૪ | તુવેર | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૫ | મગ | ૧૪૦૫ | ૧૪૦૫ |
| ૬ | ધાણા | ૨૫૫૦ | ૨૭૫૦ |
| ૭ | તલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૮ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૦ | સોયાબીન | ૧૧૫૦ | ૧૧૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૨૭ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૯૭ |
| ૩ | તલ કાળા | ૨૬૦૦ | ૩૫૯૧ |
| ૪ | કપાસ | ૨૦૦૦ | ૨૦૭૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૧૩૮૬ |
| ૯ | ચણા | ૧૧૫૦ | ૧૨૬૦ |
| ૧૦ | તુવેર | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૧૧ | એરંડી | ૧૩૦૦ | ૧૪૬૦ |

### કારોબારી ચેરમેન સહિત વોર્ડ સભ્યોની સક્રિય કામગીરીથી

# બાબરા વોર્ડ નં. ૬માં બે મહત્વની સમસ્યાઓનો નિકાલ થતાં ખુશીનો માહોલ

### હરિઓમનગરની ભૂગર્ભ ગટર અને સ્ટેટ હાઈવેની સ્ટ્રીટ લાઈટની સમસ્યા દુર થઈ




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરા નગરપાલિકાના વોર્ડ નંબર ૬માં સ્થાનિક રહીશોની લાંબા સમયથી ચાલી આવતી બે મહત્વની સમસ્યાઓનો નિકાલ થતાં લોકોમાં રાહતની લાગણી પ્રસરી છે. નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા તથા વોર્ડ સભ્યો નિલેશભાઈ શિયાણી, મહેશભાઈ ચૌહાણ અને રાજુભાઈ વિરોજા દ્વારા સ્થાનિકોની રજૂઆતોને ધ્યાને લઈ બંને પ્રશ્નોના ઉકેલ માટે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી હતી.

હરિઓમનગર સોસાયટીમાં ભૂગર્ભ ગટરના પાણીના યોગ્ય નિકાલની સમસ્યાના કારણે રહીશોને લાંબા સમયથી મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. ગટર વ્યવસ્થામાં સમસ્યા સર્જાતા પાણીના નિકાલમાં અડચણ ઉભી થતી હતી. સ્થાનિકો દ્વારા આ અંગે રજૂઆત કરવામાં આવતા વોર્ડના પ્રતિનિધિઓએ તાત્કાલિક ધ્યાન આપી નગરપાલિકા તંત્ર સાથે સંકલન કરી કામગીરી શરૂ કરાવી હતી.

ભૂગર્ભ ગટરની ટીમ દ્વારા સ્થળ પર બે–ત્રણ દિવસ સુધી સતત કામગીરી કરવામાં આવી હતી. જરૂરી કામગીરી પૂર્ણ થતાં હરિઓમ નગરની ગટર સમસ્યાનો ઉકેલ આવતા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ ઉપરાંત રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે પર શોક સર્કિટના કારણે બંધ રહેલી સ્ટ્રીટ લાઈટની સમસ્યાનો પણ નિકાલ કરવામાં આવ્યો છે. સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા રાત્રિના સમયે માર્ગ પર અંધારૂ રહેતું હોવાથી વાહનચાલકો, રાહદારીઓ તેમજ રાત્રિના સમયે વોકિંગ માટે નીકળતા સ્થાનિકોને મુશ્કેલી પડતી હતી.

આ અંગેની રજૂઆત મળતા નગરપાલિકાના પ્રતિનિધિઓ દ્વારા સતર્કતા દાખવી જરૂરી કાર્યવાહી કરાવવામાં આવી હતી અને સ્ટ્રીટ લાઈટ ફરી શરૂ કરવામાં આવી હતી. સ્ટ્રીટ લાઈટ કાર્યરત થતાં રાત્રિના સમયે માર્ગ પર પ્રકાશની સુવિધા ઉપલબ્ધ બનતા સ્થાનિકોમાં પણ હાશકારાની લાગણી જોવા મળી હતી.

વોર્ડ નંબર ૬માં સ્થાનિકોની રજૂઆતોને પ્રાથમિકતા આપી કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા સહિતના વોર્ડ સભ્યોની સક્રિય કામગીરીથી બંને મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવતા રહીશોમાં સંતોષની લાગણી જોવા મળી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું ૪૮ કલાકથી મેઘમહેર જોવા મળી

મળી હતી.

શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા રાજુલા પંથકના ખેડૂતો માટે આજનો વરસાદ આશીર્વાદરૂપ બન્યો છે.

રાજુલા તાલુકાના વડ, ભચાદર, ઉંચૈયા, ભેરાઈ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યો હતો. કોસ્ટલ બેલ્ટમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત બન્યા હતા. જોકે હવે વરસાદનું આગમન થતાં ખેતીના પાકને જીવનદાન મળવાની આશા ખેડૂતોમાં જાગી છે.

મળતી માહિતી મુજબ રાજુલામાં આશરે ૨ ઈંચ, જાફરાબાદમાં ૧ ઈંચ અને વડીયામાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે. કોસ્ટલ બેલ્ટના અન્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટાં યથાવત રહ્યા હતા.

અમરેલી શહેર સહિત આસપાસના વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. અમરેલી નજીકના જાળીયા ગામમાં અંદાજે ૪ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં સ્થાનિક તળાવમાં નવા નીરની આવક થઈ હતી. પાણીની આવક વધતાં તળાવ ઓવરફલો થતાં ગ્રામ જનોમાં ખુશી છવાઈ હતી.

જાળીયા ઉપરાંત બાબાપુર, વાંકિયા, પાણીયા, મેડી, તરવડા, મોટા ભંડારીયા સહિતના ગામોમાં પણ ૧થી ૨ ઈંચ જેટલો વરસાદ પડયો હોવાનું જાણવા મળ્યું છે.

**ખેડૂતોમાં આશા ફરી જીવંત :** લાંબા વિરામ બાદ અમરેલી જિલ્લામાં ફરી વરસાદી માહોલ સર્જાતાં ખેડૂતોમાં નવી આશા જાગી છે. વરસાદ ખેંચાવાને કારણે પાકને નુકસાન થવાની ચિંતા વચ્ચે પડેલા વરસાદથી કપાસ સહિતના ખરીફ પાકને ફાયદો થવાની આશા ખેડૂતો વ્યકત કરી રહ્યા છે. જોકે આગામી દિવસોમાં વરસાદનું પ્રમાણ કેવું રહે છે તેના પર ખેતીની સ્થિતિનો ઘણો આધાર રહેશે.

હવામાન વિભાગની આગાહી વચ્ચે જિલ્લામાં વરસાદી વાતાવરણ યથાવત રહેતાં અમરેલીવાસીઓની નજર હવે આગામી વરસાદ પર મંડાઈ છે. એક તરફ રાજુલા જેવા વિસ્તારોમાં ધોધમાર વરસાદથી માર્ગો પર પાણીના પ્રવાહ જોવા મળ્યા છે, તો બીજી તરફ જાળીયા સહિતના ગામોમાં તળાવો છલકાતા ચોમાસાએ ફરી રંગ પકડયો હોવાનો માહોલ સર્જાયો છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૯૫૦ | ૨૦૬૧ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૧૫૦ |
| ૩ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૨૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૩૪ | ૫૬૬ |
| ૫ | સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | ચણા | ૧૧૪૫ | ૧૨૨૧ |
| ૭ | ચણા સફેદ | ૮૦૦ | ૯૫૦ |
| ૮ | મગ | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૯ | તુવેર | ૯૨૫ | ૧૦૮૦ |
| ૧૦ | લસણ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૧૨ | ધાણા | ૨૧૦૦ | ૩૦૧૫ |
| ૧૩ | તલ કાળા | ૨૦૦૦ | ૨૩૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૮૫૦ | ૨૧૦૦ |
| ૨ | કપાસ કોડી | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૧૨૦૦ | ૧૩૨૫ |
| ૪ | જીરૂ | ૩૦૨૫ | ૩૯૦૦ |
| ૫ | ચણા | ૧૧૮૦ | ૧૨૨૦ |
| ૬ | ઘઉં | ૫૧૧ | ૫૪૭ |
| ૭ | મગ | ૧૫૮૦ | ૧૮૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૨૦ |
| ૩ | તલ કાળા | ૨૮૫૦ | ૩૩૦૦ |
| ૪ | બાજરો | ૪૩૧ | ૪૯૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૧૬ |
| ૬ | જુવાર | ૧૪૧૫ | ૧૪૪૧ |
| ૭ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૯ | રાજગરો | ૭૯૨ | ૧૪૦૦ |

### સાંસદ સુતરિયા અને ધારાસભ્ય તળાવીયાના હસ્તે

# બાબરા–નિલવળા–વાંકીયા માર્ગનું રૂા. ૮ કરોડના ખર્ચે નવિનીકરણ

## નિલવળા ગામમાં ૧૨૦૦ ફૂટનો સીસી રોડ બનશે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરા તાલુકાના નિલવળા–વાંકીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોના વિકાસને વેગ મળે તે દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. બાબરા–નિલવળા–વાંકીયા માર્ગનું અંદાજે રૂ. ૮ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવનાર છે, જેનું ભૂમિપૂજન સાંસદ ભરતભાઈ સુતરિયા તથા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ માર્ગનું કામ પૂર્ણ થતાં બાબરા તાલુકાના અનેક ગામોના લોકો માટે આવાગમન વધુ સુગમ બનશે. ખાસ કરીને નિલવળા ગામમાં ગામની મધ્યમાંથી પસાર થતા માર્ગ પર અંદાજે ૧૨૦૦ ફૂટ લાંબો સીસી રોડ બનાવવામાં આવનાર હોવાથી ગામની આંતરિક સુવિધામાંવધારો થવાની સાથે ગામની શોભામાં પણ વધારો થશે.

આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા વિકાસના કામોને સતત પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની સતત જાગૃતતા અને રજૂઆતોના પરિણામે લાઠી વિધાનસભા વિસ્તારમાં અંદાજે રૂ. ૨૦૦૦ કરોડના વિકાસના કામો સાકાર થવા પામ્યા છે. વિધાનસભા વિસ્તારમાં રોડ–રસ્તા, બ્રિજ, નાના કોઝવે સહિતના અનેક વિકાસકાર્યો હાલ પ્રગતિમાં છે અને આગામી સમયમાં પણ વિકાસની ગતિ વધુ તેજ બનશે.

બાબરા–નિલવળા–વાંકીયા માર્ગનું રૂ. ૮ કરોડના ખર્ચે થનાર નવીનીકરણ પણ વિસ્તારના લોકો માટે મહત્વપૂર્ણ વિકાસકાર્ય બની રહેશે. માર્ગનું કામ પૂર્ણ થયા બાદ ગ્રામ્ય વિસ્તારો વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે અને વાહન ચાલકો તથા ગ્રામજનોને સરળ અને સુવિધાયુક્ત પરિવહન વ્યવસ્થા મળશે.

ભૂમિપૂજન પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળા, જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન અમરશીભાઈ વાઘેલા, તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલા, તાલુકા ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ સાકરીયા, લલિતભાઈ વેકરિયા, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, તાલુકા પંચાયત સભ્ય વિઠ્ઠલભાઈ ગ્રામ્ભણીયા, વિપુલભાઈ કાચેલા, જિલ્લાભાજપના અગ્રણી મહેશભાઈ ભાયાણી, જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ રણમલભાઈ કોઠીવાળા, તાલુકા પંચાયત સભ્ય અજિતભાઈ ખોખરીયા સહિત સરપંચો, સ્થાનિક ભાજપના આગેવાનો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ગણિત–વિજ્ઞાન શિક્ષક દ્વારા નવતર પ્રયોગ

# બવાડી ગામની પ્રાથમિક શાળામાં ગુજરાત AI રોબોટ બન્યો બાળકોનો શૈક્ષણિક મિત્ર

## ભાષા શુદ્ધિ વૈજ્ઞાનિક અભિગમ વિકસાવતો નવતર પ્રયોગ





લીલીયા, તા. ૧૪

બવાડી પ્રાથમિક શાળાના ગણિત–વિજ્ઞાન શિક્ષક વરૂણકુમાર દવે દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણને વધુ રસપ્રદ અને ટેકનોલોજી આધારિત બનાવવા માટે ગુજરાતી AI રોબોટ તૈયાર કરવામાં આવ્યો છે. રોબોટ વિદ્યાર્થીઓ સાથે ગુજરાતી ભાષામાં સંવાદ કરી તેમના પ્રશ્નોના જવાબ આપે છે અને તેમને પ્રશ્ન પૂછવા, વિચારવા તથા પોતાના વિચારો વ્યક્ત કરવા પ્રેરિત કરે છે.

આ પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં સાંભળવું, બોલવું, વાંચવું, લખવું અને સમજણ જેવી ભાષા શુદ્ધિ સાથે વૈજ્ઞાનિક અભિગમ, તાર્કિક વિચારશક્તિ, સર્જનાત્મકતા, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને ડિજિટલ કૌશલ્ય વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

વિજ્ઞાન, ગણિત, ખેતી, પર્યાવરણ, પશુપાલન અને રોજિંદા જીવન સાથે જોડાયેલા પ્રશ્નો અંગે રોબોટ સાથે સંવાદ કરવાથી બાળકોનું શિક્ષણ પુસ્તક પૂરતું ન રહેતાં વાસ્તવિક જીવન સાથે જોડાઈ રહ્યું છે.

આ નવતર પ્રયોગને પ્રોત્સાહન અને સહયોગ આપવા બદલ દીપ શાળા પ્રોજેકટનો સમગ્ર શાળા પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. દીપ શાળા પ્રોજેકટના સહયોગથી ગ્રામ્ય શાળામાં પણ AI, કોડિંગ અને ડિજિટલ ટેકનોલોજીના સર્જનાત્મક ઉપયોગને નવી દિશા મળી છે.

શિક્ષક વરૂણકુમાર દવે જણાવે છે કે, મારો હેતુ માત્ર રોબોટ બનાવવાનો નથી, પરંતુ બાળક પોતાની માતૃભાષામાં નિર્ભયતાથી પ્રશ્ન પૂછે, સમજે, વિચારે અને ટેકનોલોજી દ્વારા શીખે તેવું શૈક્ષણિક વાતાવરણઊભું કરવાનો છે.

માતૃભાષામાં AI અને ભાષા સિદ્ધિ સાથે ટેકનોલોજી ભવિષ્યના વર્ગખંડની નવી ઓળખ.

### ગંભીર રોગોની સારવાર માટે વધતી સુવિધાઓ

# અમરેલીમાં કેન્સરમાં ૧૦૦૦થી વધુ દર્દીઓની સફળ સારવાર બાદ કિડની અને યુરોલોજી સેવાઓને પણ વેગ

## કિડનીની પથરી અને પ્રોસ્ટેટની નિઃશુલ્ક સર્જરી ટૂંક સમયમાં શરૂ થવાની તૈયારી










અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં ગંભીર અને જટિલ રોગોની સારવાર માટે હવે સ્થાનિક સ્તરે જ વધુ વિકલ્પો ઉપલબ્ધ બનતા જઈ રહ્યા છે.ગજેરા ટ્રસ્ટ સંચાલિત, શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા કેન્સર, નેફ્રોલોજીઅને યુરોલોજી વિભાગમાં તબક્કાવાર નવી સુવિધાઓ ઉમેરવામાં આવી રહી છે. ખાસ કરીને કેન્સર વિભાગમાં અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હોવાનું હોસ્પિટલ તરફથી જાણવા મળ્યું છે.કેન્સર જેવા ગંભીર રોગની સારવાર માટે દર્દીઓને અગાઉ મોટા શહેરો તરફ જવું પડતું હતું. આવી સ્થિતિમાં અમરેલીમાં જ નિષ્ણાત તબીબી સેવા ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો દર્દીઓ માટે મહત્વપૂર્ણ બની રહ્યા છે. હોસ્પિટલના કેન્સર વિભાગમાં નિદાનથી લઈને સારવાર અને જરૂરી સર્જિકલ સેવાઓ સુધીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

આ સાથે હવે કિડનીના દર્દીઓ માટે પણ સારવારની સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો છે. ગજેરા ટ્રસ્ટ સંચાલિત, શાંતાબા જનરલ હોસ્પિટલમાં નવી ડાયાલિસિસ મશીન ઉપલબ્ધ કરવામાં આવી છે. કિડની સંબંધિત બીમારીઓ અંગે નિષ્ણાત અભિપ્રાય અને માર્ગદર્શન માટે નેફ્રોલોજિસ્ટ ડા. હર્ષ પટેલ (MBBS, MD DrNB)ની સેવા પણ ઉપલબ્ધ રહેશે.કિડનીની ગંભીર બીમારી અને ડાયાલિસિસની જરૂરિયાત ધરાવતા દર્દીઓ માટે સ્થાનિક સ્તરે આ સુવિધા ઉપલબ્ધ થવાથી સારવારની પ્રક્રિયા વધુ સરળ બનવાની શકયતા છે.દરમિયાન, યુરોલોજી ક્ષેત્રે પણ દર્દીઓ માટે મહત્વપૂર્ણ સેવા શરૂ થવા જઈ રહી છે. શાંતાબા જનરલ હોસ્પિટલમાં ટૂંક સમયમાં નિઃશુલ્ક યુરોલોજી સર્જરી સેવા શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે. તેમાં મુખ્યત્વે કિડનીની પથરી અને પ્રોસ્ટેટ સહિતની જરૂરી યુરોલોજી સર્જરીઓનો સમાવેશ થશે.આ સુવિધા શરૂ થયા બાદ અમરેલી તથા આસપાસના વિસ્તારના જરૂરિયાતમંદ દર્દીઓને યુરોલોજી સંબંધિત સર્જરી માટે અન્ય શહેરોમાં જવાની મુશ્કેલીમાં ઘટાડો થઈ શકે છે. અમરેલી જેવા જિલ્લા વિસ્તારમાં કેન્સર, કિડની અને યુરોલોજી જેવા વિશેષ સારવાર ક્ષેત્રોમાં સુવિધાઓનો આ રીતે થઈ રહેલો વિસ્તાર સ્થાનિક આરોગ્ય વ્યવસ્થા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.ગજેરા ટ્રસ્ટ સંચાલિત, શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા આગામી સમયમાં પણ નિષ્ણાત તબીબી સેવાઓ અને આધુનિક સારવાર સુવિધાઓ વધારવાની દિશામાં કામગીરી ચાલુ રાખવામાં આવી રહી છે.


# અમરેલી નાગરિક સહકારી બેંક લી.

કેરીયા રોડ, ''નાગરિક ભવન'' અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૦૦૦

## –: જંગમ / સ્થાવર મિલ્કત વેચાણ અંગે ઓફર (કબજા સહિત) :–

અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી દ્વારા ધી સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારોની રૂએ બેંકે પોતાનું લેણું વસુલ કરવા માટે બાકીદારો તથા જામીનોએ પોતાનાં લોન ખાતામાં સિકયુરીટી તરીકે આપેલ નીચે દર્શાવેલ વર્ણનવાળી મિલ્કતનો બેંકે તા.૨૩/૧૦/૨૦૨૪ ના રોજ કબજો લીધેલ છે. સદરહું મિલ્કતના જાહેર વેચાણ અંગે સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. જે દિવસ–૧૫ માં નીચે સહી કરનાર અધિકૃત અધિકારીને મોકલવાનું રહેશે. મિલ્કત નિરીક્ષણ માટે તેમજ નિયત ટેન્ડર ફોર્મ મેળવવા માટે ઓફિસ સમય દરમ્યાન અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી, નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલીનો સંપર્ક કરવો.

★ **ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.૩૦/૦૯/૨૦૨૬ (બપોરે ૦૪:૦૦ કલાક સુધીમાં)**

★ **ટેન્ડર ખોલવાની તારીખ, સમય અને સ્થળ : તા.૦૭/૧૦/૨૦૨૬,બપોરે ૦૪:૦૦ વાગ્યે, સ્થળ : નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલી.**

| ક્રમ | ખાતેદારનું નામ તથા શાખા | સ્થાવર / જંગમ મિલ્કતનું વર્ણન | કુલ બાકી રકમ તા.૩૧/૦૮/૨૦૨૬ | રીઝર્વ કિંમત ડિપોઝીટની રકમ |
|---|---|---|---|---|
| ૧ | રસીકભાઈ લક્ષ્મણભાઈ સાંગાણી અમરેલી શાખા | **(૧) સ્થાવર મિલ્કત :** ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ–ડીસ્ટ્રીકટ અમરેલીનાં શહેર અમરેલી ગામે સુધરાઈ હદમાં આવેલ સુખનાથપરા શેરી નં.–૭માં આવેલ રે.સ.નં. ૯૪/૧ પૈકી પ્લોટ નં.–૧૭ની જમીન જેનું ક્ષેત્રફળ ૩૩૬.૧૮ ચો.મી. છે. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૨૪૧૫, તારીખ : ૧૭/૧૦/૧૯૮૧નાં રોજ લક્ષ્મણભાઈ જાગાભાઈ સાંગાણીનાં નામે છે તે મિલ્કત. **(૨) જંગલ મિલ્કત :** કોર્ટ કમિશ્નરનાં રોજકામ મુજબ. | રૂા.૫૧,૯૫,૦૭૯/– + તા.૦૧/૦૯/૨૦૨૬ થી બાકી વ્યાજ + લીગલ ખર્ચ + બીજા ચાર્જીસ – રીકવરી | ૫૭,૦૦,૦૦૦/– ૫,૭ ૦,૦૦૦/– |

**વેચાણની શરતો :** (૧) સ્થાવર મિલ્કતો ''જેમ છે તેમ અને જયાં છે ત્યા'' ના ધોરણે વેચાણ કરવામાં આવશે. (૨) સદરહું મિલ્કતો ઉપરનાં સમગ્ર બાકી વેરા, સરકારી તથા અર્ધસરકારી લેણા તથા વિજનિગમની બાકી રકમ ભરપાઈ કરવાની જવાબદારી તથા ટાઈટલની ફાઈલમાં કોઈ દસ્તાવેજ ૩૨(ક) માં પડેલ હોય કે કોઈ કાગળો ખુટતા હોય તો તે મેળવવાની સમગ્ર જવાબદારી ખરીદનારના શીરે રહેશે. (૩) સદરહું મિલ્કતો સંબંધમાં કોઈ કોર્ટ કેસ ચાલતા હોય તો તે કોર્ટ કેસોમાં કોર્ટ જે હુકમ કરે તે મિલ્કત ખરીદનારને બંધનકર્તા રહેશે. (૪) માંગણીદાર કોઈપણ કિંમતે માંગણી કરી શકશે. પરંતુ રીઝર્વ કિંમતના ૧૦% ની રકમ (ડીપોઝીટ રકમ) નો ડીમાંડ ડ્રાફટ અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલીની ફેવરનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે. (૫) ટેન્ડરના ફોર્મ અધિકૃત અધિકારીશ્રી, હેડ ઓફીસમાંથી મળી શકશે. (૬) કોઈપણ ટેન્ડર સ્વીકારવા અગર ન સ્વીકારવાનો બેંકનો અધિકાર અબાધિત રહેશે. મિલ્કતો રીઝર્વ કિંમતથી નીચેની રકમમાં વહેંચવામાં આવશે નહી. (૭ ) જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમ દીન–૩૦(ત્રીસ) માં ભરવાની રહેશે. ટેન્ડર સાથે રજુ કરેલ રિઝર્વ કિંમતનાં ૧૦% ને તેમાં ગણતરીમાં લેવામાં આવશે. (૮) જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમ બેંક દ્વારા જણાવેલ નિશ્ચિત મુદતમાં પુરેપુરી ભરપાઈ કરવાની રહેશે. આમ કરવામાં તે નિષ્ફળ જશે તો તેણે ભરેલી ડીપોઝીટની રકમ બેંક દ્વારા જપ્ત કરવામાં આવશે. (૯) જેનું ટેન્ડર અસ્વીકાર્ય થશે તેને તેણે રજુ કરેલી ડીપોઝીટની રકમ કોઈપણ જાતના વ્યાજ વગર પરત કરવામાં આવશે. (૧૦) અપસેટ પ્રાઈઝ રૂા. ૫૭,૦૦,૦૦૦/– હોય જેનો ઉપર ટેન્ડર ભરવાનું રહેશે જેનું ટેન્ડર સૌથી ઉચુ હશે તે મંજુર કરવામાં આવશે. (૧૧) અધિકૃત અધિકારીની જાણ મુજબ હાલ આ મિલ્કતમાં સરકારી / અર્ધસરકારી / ટેક્ષ વિગેરે બાકી લેણા બાબતે માહીતી નથી. ખરીદનારે આ મિલ્કતમાં જે સરકારી / અર્ધસરકારી / ટેક્ષ વિગેરે બાકી લેણા હશે તે બાબતની તેઓએ તપાસ કરવાની રહેશે અને તે રકમ તેઓએ ભરવાની રહેશે. જેની સંપૂર્ણ જવાબદારી ખરીદનારના શીરે રહેશે. (૧૨) બિડર તમામ બાબતોમાં સંપૂર્ણ યોગ્ય ખંતનો ઉપયોગ કરવા માટે બંધાયેલા છે. જેમાં નિર્ધારિત તારીખ અને સમયે ઉપરોકત ઉલ્લેખીત મિલ્કતની દરેક વિગતોનું નિરીક્ષણ કરવું સામેલ છે. બીડ સબમિટ કરતા પહેલા મિલ્કત અને સ્પષ્ટીકરણ વિશે તપાસ કરવાની અને સંતુષ્ટ કરવાની બીડરની જવાબદારી રહેશે. બિડરને પુરી પાડવામાં આવેલ વિગતો મુજબ ડીલીંગ અધિકારી સાથે પરામર્શ કરીને મિલ્કતનું નિરીક્ષણ કરી શકે છે. (૧૩) બિડર્સને જાણ કરવામાં આવે છે, તેમના પોતાનાં હીતમાં કે તેઓ બિડ સબમિટ કરતા પહેલા ઉપરોકત સ્થાવર મિલ્કતને લગતા શીર્ષકની પોતાને સંતુષ્ઠ કરે. વધુમાં, હરરાજીની વેચાણ સુચના, નિયમો અને શરતોને યોગ્ય રીતે વાંચવાની અને તેનું કડક પણે પાલન કરવાની જવાબદારી ઈચ્છુક બિડરોની છે. અને બિડર બીડ/ઓકશનમાં ભાગ લેવા પર અને પછી પ્રોપર્ટીના ટાઈટલ સંબંધીત કોઈપણ વિવાદ કે પ્રશ્ન લેવા બાબતે હકકદાર રહેશે નહી.

★ **બાકીદાર, જામીનો તેમજ મોર્ગેજરને સરફેસી એકટ મુજબ વેચાણ નોટીસ આપવામાં આવે છે.**

★ **ખરીદનાર વેચાણ જાહેરાત** WWW.ANSB.BANK.IN **કે જે બેંકની વેબસાઈટ છે તેના પર જોઈ શકશે.**

★ **બાકીદાર હાલ ગેરકાયદેસર રીતે કબજો ધરાવે છે જેઓ પાસેથી કાનુની કાર્યવાહી કરી ખરીદનારે કબજો લેવાનો રહેશે.**

**તારીખ : ૧૫/૦૯/૨૦૨૬**
**અમરેલી**

સિક્કો

**અધિકૃત અધિકારી,**
**અમરેલી નાગરિક સહકારી બેંક લી.,**
**હેડ ઓફિસ,અમરેલી**



''અમરેલી એક્સપ્રેસ''
**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
**amreliexpress7@gmail.com**
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



## –: જાહેર નોટિસ :–

આથી અમો **શ્રી ચંદ્રેશકુમાર ડી. રાઠોડ, (એડવોકેટ એન્ડ નોટરી)** અમરેલી, અમારા અસીલની સુચના તેમજ માહીતી મુજબ નીચે મુજબની ખેતીની જમીન,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના નાના લીલીયા ગામની આવેલ ખેતીની જમીન નીચે મુજબ છે.

ગામ નાના લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ગામે આવેલ ખેતીની જમીન જેના **સર્વે નં.૨૭૫, હે.આરે. ૦–૮૧–૭૮, આકાર રૂા.૩–૩૦, જેના ખાતા નં. ૬૪૯** વાળી ખેતીની જમીન જેના હાલનાં માલીક **શ્રી અમરાભાઈ સાતાભાઈ ઝાપડા** પાસેથી અમારા અસીલ **(હેતલબેન દામજીભાઈ ટીલાળા)** એ ખરીદ કરવા માટે નકકી કરેલ હોય જેનો વેચાણ દસ્તાવેજ કરવાનો હોય પરંતુ ઉપરોકત ખેતીની જમીન વેચાણ બાબતે કોઈપણ વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો, દરદાવો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, સંસ્થા, કોઈપણ બેકનો ગીરો–બોજો ટાઈટલ, અગ્રહકક કે કબ્જા બાબતે, સહકારી મંડળી, કે જવાબદાર અધિકારીઓ ઉપરોકતને વાંધો તકરાર કે હરકત હોય તો દિન–૦૭ અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી તેમજ સ્પીડ પોસ્ટ, રજી.એડી,જાણ કરવાની રહેશે. જો દિન–૦૭ ની અંદર અમોને કે અમારા અસીલને આધાર પુરાવા સાથે, સ્પીડ પોસ્ટ, રજી.એડી, લેખીત જાણ ન કરવામાં આવે તો કોઈપણને વાંધો તકરાર નથી તેવું સમજી અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી શકશે. દસ્તાવેજ થયા બાદ કોઈપણ વ્યકિતનો વાંધો તકરાર કે હકક દાવો ચાલશે નહિ. જેની જાહેર જનતા નોંધ લેવી.

વાંધો તકરાર હોય તો નીચે સરનામે જાણ કરવા વિનંતી.

**તા.૧૪/૦૯/૨૦૨૬**
**ઓફીસ :–**
**જયેશ એ.ઝાપડા,મો.૯૯૭૪૨ ૪૮૫૨૫**
'દ્વારકેશ ડોકયુમેન્ટસ'અમરેલી, કલેકટર કચેરી પાસે, જિલ્લ પંચાયત પાછળ, 'ટ્રેડ સેન્ટર' નારણભાઈ કાછડીયા,પૂર્વ સાંસદશ્રીની ઓફિસ નીચે, અમરેલી

**અમારા મારફત અમોના અસીલની સુચના મુજબ**
**ચંદ્રેશકુમાર ડી. રાઠોડ**
એડવોકેટ એન્ડ નોટીરી (ગુજરાત હાઈકોર્ટ)
મો. ૯૪૦૮૯ ૨૫૪૭૬



## –: જાહેર નોટિસ :–

આથી અમો **શ્રી ચંદ્રેશકુમાર ડી. રાઠોડ, (એડવોકેટ એન્ડ નોટરી)** અમરેલી, અમારા અસીલની સુચના તેમજ માહીતી મુજબ નીચે મુજબની ખેતીની જમીન,

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જુના સાવર ગામની આવેલ ખેતીની જમીન નીચે મુજબ છે.

ગામ જુના સાવર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી ગામે આવેલ ખેતીની જમીન જેના **સર્વે નં.૧૦૪, પૈકી ૪, હે.આરે. ૨–૩૯–૭૫, આકાર રૂા.૧૮–૬૪, જેના ખાતા નં.૧૩૨૦** વાળી ખેતીની જમીન જેના હાલનાં માલીક **શ્રી જાગૃતિબેન ધનજીભાઈ ભુત તે ચંદ્રેશભાઈ કનુભાઈ લુણાગરીયાના પત્ની તથા વિપુલભાઈ નારદભાઈ ખુંટ તથા જીજ્ઞેશભાઈ પરશોત્તમભાઈ માંડણકા** પાસેથી અમારા અસીલ **(પટેલ દામજી ત્રિકમ તથા જીજ્ઞેશ દામજીભાઈ ટીલાળા)** એ ખરીદ કરવા માટે નકકી કરેલ હોય જેનો વેચાણ દસ્તાવેજ કરવાનો હોય પરંતુ ઉપરોકત ખેતીની જમીન વેચાણ બાબતે કોઈપણ વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો, દરદાવો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, સંસ્થા, કોઈપણ બેકનો ગીરો–બોજો ટાઈટલ, અગ્રહકક કે કબ્જા બાબતે, સહકારી મંડળી, કે જવાબદાર અધિકારીઓ ઉપરોકતને વાંધો તકરાર કે હરકત હોય તો દિન–૦૭ અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી તેમજ સ્પીડ પોસ્ટ, રજી.એડી,જાણ કરવાની રહેશે. જો દિન–૦૭ ની અંદર અમોને કે અમારા અસીલને આધાર પુરાવા સાથે, સ્પીડ પોસ્ટ, રજી.એડી, લેખીત જાણ ન કરવામાં આવે તો કોઈપણને વાંધો તકરાર નથી તેવું સમજી અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી શકશે. દસ્તાવેજ થયા બાદ કોઈપણ વ્યકિતનો વાંધો તકરાર કે હકક દાવો ચાલશે નહિ. જેની જાહેર જનતા નોંધ લેવી.

વાંધો તકરાર હોય તો નીચે સરનામે જાણ કરવા વિનંતી.

**તા.૧૪/૦૯/૨૦૨૬**
**ઓફીસ :–**
**જયેશ એ.ઝાપડા,મો.૯૯૭૪૨ ૪૮૫૨૫**
'દ્વારકેશ ડોકયુમેન્ટસ'અમરેલી, કલેકટર કચેરી પાસે, જિલ્લ પંચાયત પાછળ, 'ટ્રેડ સેન્ટર' નારણભાઈ કાછડીયા,પૂર્વ સાંસદશ્રીની ઓફિસ નીચે, અમરેલી

**અમારા મારફત અમોના અસીલની સુચના મુજબ**
**ચંદ્રેશકુમાર ડી. રાઠોડ**
એડવોકેટ એન્ડ નોટીરી (ગુજરાત હાઈકોર્ટ)
મો. ૯૪૦૮૯ ૨૫૪૭૬



# અમરેલી નાગરિક સહકારી બેંક લી.

કેરીયા રોડ, ''નાગરિક ભવન'' અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૦૦૦

## –: જંગમ / સ્થાવર મિલ્કત વેચાણ અંગે ઓફર (કબજા સહિત) :–

અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી દ્વારા ધી સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારોની રૂએ બેંકે પોતાનું લેણું વસુલ કરવા માટે બાકીદારો તથા જામીનોએ પોતાનાં લોન ખાતામાં સિકયુરીટી તરીકે આપેલ નીચે દર્શાવેલ વર્ણનવાળી મિલ્કતનો બેંકે તા.૧૮/૦૭/૨૦૨૩ ના રોજ કબજો લીધેલ છે. સદરહું મિલ્કતના જાહેર વેચાણ અંગે સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. જે દિવસ–૧૫ માં નીચે સહી કરનાર અધિકૃત અધિકારીને મોકલવાનું રહેશે. મિલ્કત નિરીક્ષણ માટે તેમજ નિયત ટેન્ડર ફોર્મ મેળવવા માટે ઓફિસ સમય દરમ્યાન અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી, નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલીનો સંપર્ક કરવો.

★ **ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.૩૦/૦૯/૨૦૨૬ (બપોરે ૦૪:૦૦ કલાક સુધીમાં)**

★ **ટેન્ડર ખોલવાની તારીખ, સમય અને સ્થળ : તા.૦૭/૧૦/૨૦૨૬,બપોરે ૦૪:૦૦ વાગ્યે, સ્થળ : નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલી.**

| ક્રમ | ખાતેદારનું નામ તથા શાખા | સ્થાવર / જંગમ મિલ્કતનું વર્ણન | કુલ બાકી રકમ તા.૩૧/૦૮/૨૦૨૬ | રીઝર્વ કિંમત ડિપોઝીટની રકમ |
|---|---|---|---|---|
| ૧ | અલી એન્ટરપ્રાઈઝના પ્રો. કરીમભાઈ બાબુભાઈ લાખાણી અમરેલી શાખા | **(૧) સ્થાવર મિલ્કત :** અમરેલી ગામે સુધરાઈ હદમાં તારવાડી સામે આવેલ (૧) રે.સ.નં. ૪ પૈકીના સીટી સર્વે નં.–૨૮૩૧ પૈકીની રહેણાંક મકાન જેનું ક્ષેત્રફળ–૬૧.૧૦ ચો.મી. છે. જે રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૭૩ તા.૦૧/૦૪/૨૦૦૨ (બાબુભાઈ ઈસ્માઈલભાઈ લાખાણી) (૨) રે.સ.નં. ૪ પૈકીના સીટી સર્વે નં.–૨૮૩૧ પૈકીની રહેણાંક મકાન જેનું ક્ષેત્રફળ–૬૧.૧૦ ચો.મી. છે. જે રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૭૬ તા.૦૧/૦૪/૨૦૦૨ (સલીમભાઈ બાબુભાઈ લાખાણી) **(૨) જંગલ મિલ્કત :** કોર્ટ કમિશ્નરનાં ઈન્વેન્ટરી રીપોર્ટ મુજબ. | રૂા.૧૮,૨૫,૯૭૨/– + તા.૦૧/૦૯/૨૦૨૬ થી બાકી વ્યાજ + લીગલ ખર્ચ + બીજા ચાર્જીસ – રીકવરી | ૨૮,૦૦,૦૦૦/– ૨,૮૦,૦૦૦/– |

**વેચાણની શરતો :** (૧) સ્થાવર મિલ્કતો ''જેમ છે તેમ અને જયાં છે ત્યા'' ના ધોરણે વેચાણ કરવામાં આવશે. (૨) સદરહું મિલ્કતો ઉપરનાં સમગ્ર બાકી વેરા, સરકારી તથા અર્ધસરકારી લેણા તથા વિજનિગમની બાકી રકમ ભરપાઈ કરવાની જવાબદારી તથા ટાઈટલની ફાઈલમાં કોઈ દસ્તાવેજ ૩૨(ક) માં પડેલ હોય કે કોઈ કાગળો ખુટતા હોય તો તે મેળવવાની સમગ્ર જવાબદારી ખરીદનારના શીરે રહેશે. (૩) સદરહું મિલ્કતો સંબંધમાં કોઈ કોર્ટ કેસ ચાલતા હોય તો તે કોર્ટ કેસોમાં કોર્ટ જે હુકમ કરે તે મિલ્કત ખરીદનારને બંધનકર્તા રહેશે. (૪) માંગણીદાર કોઈપણ કિંમતે માંગણી કરી શકશે. પરંતુ રીઝર્વ કિંમતના ૧૦% ની રકમ (ડીપોઝીટ રકમ) નો ડીમાંડ ડ્રાફટ અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલીની ફેવરનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે. (૫) ટેન્ડરના ફોર્મ અધિકૃત અધિકારીશ્રી, હેડ ઓફીસમાંથી મળી શકશે. (૬) કોઈપણ ટેન્ડર સ્વીકારવા અગર ન સ્વીકારવાનો બેંકનો અધિકાર અબાધિત રહેશે. મિલ્કતો રીઝર્વ કિંમતથી નીચેની રકમમાં વહેંચવામાં આવશે નહી. (૭ ) જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમ દીન–૩૦(ત્રીસ) માં ભરવાની રહેશે. ટેન્ડર સાથે રજુ કરેલ રિઝર્વ કિંમતનાં ૧૦% ને તેમાં ગણતરીમાં લેવામાં આવશે. (૮) જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમ બેંક દ્વારા જણાવેલ નિશ્ચિત મુદતમાં પુરેપુરી ભરપાઈ કરવાની રહેશે. આમ કરવામાં તે નિષ્ફળ જશે તો તેણે ભરેલી ડીપોઝીટની રકમ બેંક દ્વારા જપ્ત કરવામાં આવશે. (૯) જેનું ટેન્ડર અસ્વીકાર્ય થશે તેને તેણે રજુ કરેલી ડીપોઝીટની રકમ કોઈપણ જાતના વ્યાજ વગર પરત કરવામાં આવશે. (૧૦) અપસેટ પ્રાઈઝ રૂા. ૨૮,૦૦,૦૦૦/– હોય જેનો ઉપર ટેન્ડર ભરવાનું રહેશે જેનું ટેન્ડર સૌથી ઉચુ હશે તે મંજુર કરવામાં આવશે. (૧૧) અધિકૃત અધિકારીની જાણ મુજબ હાલ આ મિલ્કતમાં સરકારી / અર્ધસરકારી / ટેક્ષ વિગેરે બાકી લેણા બાબતે માહીતી નથી. ખરીદનારે આ મિલ્કતમાં જે સરકારી / અર્ધસરકારી / ટેક્ષ વિગેરે બાકી લેણા હશે તે બાબતની તેઓએ તપાસ કરવાની રહેશે અને તે રકમ તેઓએ ભરવાની રહેશે. જેની સંપૂર્ણ જવાબદારી ખરીદનારના શીરે રહેશે. (૧૨) બિડર તમામ બાબતોમાં સંપૂર્ણ યોગ્ય ખંતનો ઉપયોગ કરવા માટે બંધાયેલા છે. જેમાં નિર્ધારિત તારીખ અને સમયે ઉપરોકત ઉલ્લેખીત મિલ્કતની દરેક વિગતોનું નિરીક્ષણ કરવું સામેલ છે. બીડ સબમિટ કરતા પહેલા મિલ્કત અને સ્પષ્ટીકરણ વિશે તપાસ કરવાની અને સંતુષ્ટ કરવાની બીડરની જવાબદારી રહેશે. બિડરને પુરી પાડવામાં આવેલ વિગતો મુજબ ડીલીંગ અધિકારી સાથે પરામર્શ કરીને મિલ્કતનું નિરીક્ષણ કરી શકે છે. (૧૩) બિડર્સને જાણ કરવામાં આવે છે, તેમના પોતાનાં હીતમાં કે તેઓ બિડ સબમિટ કરતા પહેલા ઉપરોકત સ્થાવર મિલ્કતને લગતા શીર્ષકની પોતાને સંતુષ્ઠ કરે. વધુમાં, હરરાજીની વેચાણ સુચના, નિયમો અને શરતોને યોગ્ય રીતે વાંચવાની અને તેનું કડક પણે પાલન કરવાની જવાબદારી ઈચ્છુક બિડરોની છે. અને બિડર બીડ/ઓકશનમાં ભાગ લેવા પર અને પછી પ્રોપર્ટીના ટાઈટલ સંબંધીત કોઈપણ વિવાદ કે પ્રશ્ન લેવા બાબતે હકકદાર રહેશે નહી.

★ **બાકીદાર, જામીનો તેમજ મોર્ગેજરને સરફેસી એકટ મુજબ વેચાણ નોટીસ આપવામાં આવે છે.**

★ **ખરીદનાર વેચાણ જાહેરાત** WWW.ANSB.BANK.IN **કે જે બેંકની વેબસાઈટ છે તેના પર જોઈ શકશે.**

★ **બાકીદાર હાલ ગેરકાયદેસર રીતે કબજો ધરાવે છે જેઓ પાસેથી કાનુની કાર્યવાહી કરી ખરીદનારે કબજો લેવાનો રહેશે.**

**તારીખ : ૧૫/૦૯/૨૦૨૬**
**અમરેલી**

સિક્કો

**અધિકૃત અધિકારી,**
**અમરેલી નાગરિક સહકારી બેંક લી.,**
**હેડ ઓફિસ,અમરેલી**




## રાજુલા, જાફરાબાદ, વડિયા સહિતનાં ગામોમાં અર્ધાથી લઈને બે ઈંચ

# અમરેલી જિલ્લામાં સતત ૪૮ કલાકથી મેઘમહેર જોવા મળી

**જાળીયામાં ૪ ઈંચ જેટલા વરસાદથી તળાવ છલોછલ થતાં ખેડૂતો ખૂશ**

**રાજુલામાં ભારે વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાતા વાહન વ્યવહારને અસર પહોંચી**

**વડ, ભચાદર, ઉંચૈયા, ભેરાઈ સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ**

**ખરા સમયે મેઘમહેર થતાં ખેતીપાકોને જીવતદાન મળતાં ખેડૂતો ખૂશ**





અમરેલી, તા. ૧૪

હવામાન વિભાગની વરસાદની આગાહી વચ્ચે અમરેલી જિલ્લામાં છેલ્લા ૪૮ કલાકથી વરસાદી માહોલ જામ્યો છે. શરૂઆતમાં ધીમીધારે વરસેલા વરસાદે હવે જિલ્લાના અનેક વિસ્તારોમાં જોર પકડયું છે. ખાસ કરીને કોસ્ટલ બેલ્ટમાં મેઘરાજાએ મહેર વરસાવતાં રાજુલા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે. લાંબા વિરામ બાદ વરસેલા વરસાદથી ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી છે.

રાજુલા શહેરમાં આજે વરસાદે અચાનક જોર પકડતાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને પગલે શહેરના બજારોમાં વરસાદી પાણી ભરાઈ ગયું હતું અને કેટલાક માર્ગો પર પાણીનો પ્રવાહ નદી માફક વહેતો જોવા મળ્યો હતો. ખાસ કરીને રાજુલાની હવેલી શેરી વિસ્તારમાં વરસાદી પાણીના ધસમસતા પ્રવાહને કારણે સ્થાનિકોમાં ભારે ચર્ચા જોવા

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી તાલુકા પંચાયતનાં સદસ્યાની રજૂઆત

# નવા ખીજડીયા, પીઠવાજાળ અને વાંકીયામાં થયેલ વિકાસકાર્યોનાં મજૂરીનાં બિલની તપાસ કરો

**જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૪

અમરેલીતાલુકાપંચાયતનાં સદસ્યાભાવનાબેનસુખડીયાએજિલ્લા વિકાસઅધિકારીનેપત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાના નવા ખીજડીયા, પીઠવાજાળ, વાંકીયા ગામે સરકારની અલગ અલગ ગ્રાન્ટોના રોડ, પીવાના પાણીની પાઈપલાઈન, આરસીસી, ગટર, ગ્રેવોટરપ્લાનવિગેરે કામોમાં રૂદ્રા એન્ટરપ્રાઈઝમુ. નવાખીજડીયાનામથી માલ સપ્લાય માટેના બીલો ચુકવણા કરવામાંઆવેલછે. વાસ્તવીકરીતેઆવી કોઈ પેઢી માલ કે લે-વેચનો કે સપ્લાયનું કામ કરતી નથી. આ પેઢી બોગસ છે. આ પેઢીના નામે લાખોના બીલો અલગ અલગ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખેડૂતોએ સામુહિકરૂપે નાયબ કલેકટરને લેખિત રજુઆત કરી

# લ્યો બોલો : રાજુલા-જાફરાબાદ માર્ગને પહોળો કરવા માટેની જરૂરી જમીન ખેડૂતોની મંજૂરી વગર મેળવવાનો પ્રયાસ

**ખેડૂતોની જમીન પડાવી લેવાનો કારસો થશે તો હાઈકોર્ટમાં જવાની ચીમકી**

જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદથી બાબરકોટના પાટીયા સુધી ના



મિતિયાળાના ખાતે દ્વારો એ નાયબ કલેકટરને મૌખિક અને લેખિત રજૂઆતમાં જણાવેલ કે જાફરાબાદ તાલુકાના મિતિયાળા ગામના ખેતી બિનખેતી જમીનના ખાતેદારો છીએ અને અમારી ખેતી જમીન તે રાજુલા-જાફરાબાદ રોડની બન્ને બાજુએ આવેલ છે. હાલના રોડને અડીને બન્ને બાજુથી આ ફોર લેન રોડ બનાવવા માટે હાલના કબજા ધારકોને નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી મારફતે અમોને દબાણકર્તા-અનધિકૃત કબજેદારો ગણીને ગેરકાયદેસરની નોટીસો આપવામાં આવી રહેલ છે. નાયબ કાર્યપાલકઈજનેર તરફથી આપવામાં આવી રહેલી નોટીસોમાં કોઈ સર્વે નંબરોનો ઉલ્લેખ નથી કે આ ફોર લેન રોડમાં કેટલી જમીન કપાય છે? તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી આવી નોટીસો કાયદેસરની ગણાય નહી. તેમ છતાં ખેડુતોને આવી નોટીસો આપવામાં આવી રહેલ છે. રોડ ફોર લેન બનતો હોઈ તો તે રાજયના વિકાસ માટે અને જાહેર હિત માટે સારી વાત છે. પરંતુ કાયદાનું ઉલ્લંઘન કરીને અને કાયદા વિરૂધ્ધ જે કામગીરી કરવામાં આવે તો તે

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલી એક્સપ્રેસ**
**સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)